

અહો ! આનંદનો દરિયો પોતાના અંતરમાં ઉછળે છે તેને તો જીવ દેખતો નથી ને તરણાં જેવા તુચ્છ વિકારને જ દેખે છે ! અરે જીવો ! અંતરમાં નજર કરીને દરિયાને દેખો !....ચૈતન્યસમુદ્રમાં ડૂબકી મારો !

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ


કહાન સં. ૧૭ સં. ૨૦૫૩ [૬૩૮] * આત્મધર્મ * [ અંક-૬ વર્ષ-૫૩ ] વીર સં. ૨૫૨૩ ડિસેમ્બર, ૧૯૯૬

# મુનિઓ ભગવાનની વાણી કહી રહ્યાં છે

[શ્રી સમયસારજી શાસ્ત્રની ૨૯૪મી ગાથા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

શ્રી સમયસાર શાસ્ત્રની આ ૨૯૪ ગાથા છે. તેમાં પાંચમો પેરેગ્રાફ ચાલે છે.

.......કારણ કે રાગાદિક વિના પણ ચૈતન્યનો આત્મલાભ સંભવે છે. (અર્થાત્ રાગાદિક ન હોય ત્યાં પણ ચૈતન્ય હોય છે.) રાગ ન હોય તોપણ આત્મા એકલો રહી શકે છે માટે રાગ એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી. રાગ વિના મોક્ષમાં આત્મા એકલો આત્મલાભ મેળવી શકે છે. વળી જે રાગાદિકનું ચૈતન્ય સાથે જ ઊપજવું થાય છે તે ચેત્ય-ચેતકભાવની (જ્ઞેયજ્ઞાયકભાવની) અતિ નિકટતાને લીધે જ છે. જ્ઞાનનું અને રાગ-દ્વેષાદિ ભાવોનું ઊપજવું એક સાથે જ, એક સમયે જ થાય છે. પણ, એ રાગાદિકભાવ આત્માની ચીજ નથી અને તેનાથી આત્માને જરાય લાભ પણ નથી. તો પ્રશ્ન થાય કે રાગથી આત્માને જરાય લાભ નથી તો તે જ્ઞાનની સાથે જ કેમ ઉપજે છે?—તો કહે છે કે આત્માને અને રાગને ચેત્ય-ચેતકપણું છે એટલે કે રાગ જણાવાયોગ્ય અને આત્મા જાણનાર—એવો જ્ઞેયજ્ઞાયકનો અતિ નિકટનો સંબંધ હોવાથી રાગ અને જ્ઞાન એક સાથે ઉપજે છે અને એક જ છે એવું લાગે છે. ખરેખર રાગ અને આત્મા એક નથી.

જેને દુનિયા અત્યારે વ્યવહાર-સાધન કહીને ધર્મ કહે છે; વ્રત કરો, તપ કરો, પૂજા–ભક્તિ કરો, તો ધર્મ થશે એમ માને છે તેને અહીં જાણવાયોગ્ય ભાવ કહ્યો છે. એ આત્માનું મૂળ સ્વરૂપ નથી. આત્મા જાણનાર છે અને રાગ જાણવાયોગ્ય છે એમ બંને વસ્તુ ભિન્ન છે. બે થઈને એક ચીજ નથી. દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ આવે છે—તેની ના નથી. રાગ આવે છે તે અને આત્મા એક જેવો કેમ લાગે છે?—કે રાગ અને આત્માને જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે તેથી રાગને જાણતાં રાગ અને આત્મા એક હોય તેવું અજ્ઞાનીને લાગે છે. રાગની ક્રિયાથી મને લાભ થાય છે એવું અજ્ઞાની માને છે.

જેને લોકો ધર્મ માને છે તને અહીં વિકાર કહ્યો છે. રાગ માત્ર જાણવાલાયક ચીજ છે. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે એ વાતને અહીં સિદ્ધ કરી છે.

ચેતક એટલે જ્ઞાયક અને ચેત્ય એટલે જ્ઞેય–જણાવા લાયક ચીજ; એ બંનેની અતિ નિકટતાને કારણે તે બંને એક હોય તેવું અજ્ઞાનીને લાગે છે. આત્માનું લક્ષણ તો જ્ઞાન છે અને બંધનું લક્ષણ રાગ છે. બંનેના લક્ષણ જુદાં છે તેથી બંને ચીજ

**(નોંધ :—નવેમ્બર માસના અંકમાં (ગતાંકમાં) ટાઈટલ પેઈજ બે ઉપર ભૂલથી ડિસેમ્બરના અંકનું મેટર છપાઈ ગયેલું હતું; તેથી નવેમ્બરના અંકનું બાકી રહી ગયેલું મેટર આ અંકમાં છાપેલ છે. ઉપરોક્ત પ્રવચન સળંગ વાંચવા માટે બાકીનો લેખ નવેમ્બર માસના પેઈજ નં-૭ ઉપર છે તે વાંચવો.)**

[અનુસંધાન માટે જુઓ નવેમ્બર માસના અંકનું પાનું-૭]

કહાન
સંવત-૧૭
વર્ષ-૫૩
અંક-૬
[ ૬૩૮ ]




વીર
સંવત
૨૫૨૩
સં. ૨૦૫૩
DEC.
A. D. 1956

# આત્મધર્મ

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

---

ગુરુકહાન : અધ્યાત્મમંથન મહાન

## ક્રમબદ્ધનો સ્વીકાર : પુરુષાર્થનો ઉપાડ

[ શ્રી સમયસાર ગાથા ૩૦૮/૩૧૧ ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

[ સળંગ પ્રવચન નં. ૧૩ ]

એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે તો નહિ પણ અડે પણ નહિ. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ થાય છે. આત્મા માત્ર જ્ઞાયક પરમાનંદ સ્વરૂપ છે. આ ભગવાન સર્વજ્ઞદેવનો દિવ્ય ધ્વનિનો પોકાર છે. આવી અધ્યાત્મની સૂક્ષ્મ વસ્તુ આ કાળે જેને અંદરમાં રુચિને પરિણમી જાય છે એવા જીવોને એક–બે–ચાર ભવ જ હોય, વધુ હોય નહિ—એમ શાસ્ત્રમાં આવે છે. કેમકે આ કાળે કેવળી નથી, અવધિજ્ઞાની કે મનઃપર્યયજ્ઞાની નથી, આશ્ચર્યના કારણો ઇન્દ્ર આદિ દેવનું આવવું થતું નથી, ચક્રવર્તી આદિ ચમત્કારિક કોઈ ચીજ નથી, છતાં આ અધ્યાત્મનું સૂક્ષ્મ તત્ત્વ અંદરમાં રુચિ જાય છે એના ભાવ વિશેષ છે. એથી એને ભવ વધુ હોય નહિ

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

**આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. આ ક્રમબદ્ધપર્યાયનો અધિકાર છે. પર્યાય અનાદિથી ક્રમબદ્ધ ચાલે છે. જ્ઞાનીને ક્રમબદ્ધનું જ્ઞાન વર્તે છે. અજ્ઞાનીને ભાન નથી.**

જે સમયે જે પર્યાય થવાનો તે જ થવાનો છે. "ક્રમ નિયમિત" શબ્દ વાપરેલ છે. સમય સમયનો પર્યાય નિશ્ચિત્ છે. ત્રણકાળના સમય જેટલી એક એક દ્રવ્યની પર્યાયો છે તે પર્યાયોને કેવળજ્ઞાન જાણે છે માટે ક્રમસર થાય છે એમ નહિ પણ તેવું જ વસ્તુ સ્વરૂપ છે. કેવળજ્ઞાની પદાર્થના કરનાર કે કરાવનાર નથી. દરેક પદાર્થ પોત પોતાની પર્યાયને નિયમિત પહોંચી વળે છે. કોઈપણ સમયે જે પર્યાય છે, તે પર્યાય સામાન્યથી નથી અને સામાન્ય વિશેષથી નથી પણ તે વિષય અહીં સિદ્ધ કરવો નથી. સામાન્ય શક્તિમાંથી સમયે સમયે પર્યાય ઊપજે છે—આમ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણની વાત કરી છે. સામાન્યથી પર્યાય છે—એમ નથી. જો સામાન્યને લીધે વિશેષ માનવામાં આવે તો વિશેષ હાનિ પામે. સામાન્ય અને વિશેષ એમ બે નક્કી નહીં થાય. વિશેષ વિશેષથી છે તથા સામાન્ય સામાન્યથી છે—એમ નિરપેક્ષ સિદ્ધ કર્યા પછી વિશેષ કોનું છે? કે સામાન્યનું વિશેષ છે—એમ સાપેક્ષ સાબિત થાય છે. પ્રવચનસાર ગાથા ૧૭૨માં કહ્યું છે કે વિશેષ સામાન્યને અડતું નથી. પણ તે વાત અત્રે સિદ્ધ કરવી નથી.

વળી ઉત્પાદ્-વ્યય-ધ્રુવ એક સમયના ત્રણ અંશો સ્વતંત્ર છે. ઉત્પાદને લીધે વ્યય નથી, વ્યયને લીધે ઉત્પાદ નથી, ઉત્પાદને લીધે ધ્રુવ નથી. ત્રણે સ્વતંત્ર છે. વ્યય પણ સત્ છે, ઉત્પાદ સત્ છે ધ્રુવ સત્ છે—આમ ત્રણે અંશો સ્વતંત્ર છે, પણ તે અત્રે સિદ્ધ કરવા નથી. વળી યોગસારમાં અમિતગતિ આચાર્યે કહ્યું છે કે જીવ જે સમયે ધર્મરૂપે પરિણમે છે, તેમાં ગુરુ તો દાતાર નથી પણ તેનું દ્રવ્ય પણ દાતા નથી. એમ કહીને સૂક્ષ્મ વાત કરી છે. સામાન્ય દ્રવ્ય વર્તમાન પર્યાયનો એકાંત દાતાર કહો તો તેમ સર્વથા બનતું નથી, કારણ કે સામાન્ય એકરૂપ છે ને વિશેષ ભિન્ન ભિન્ન થાય છે, માટે દરેક પર્યાય પોતે પોતાની યોગ્યતાથી પ્રગટે છે. ગુરુ તો દાતાર નથી, પરંતુ દ્રવ્ય પણ દાતાર નથી.

આ કેવળજ્ઞાનમાં ઉતારવાની વાત છે. આ કેવળજ્ઞાનનો કક્કો ઘૂંટાય છે. '**सिद्धो वर्ण समाम्नायः**' એમ ધૂળી નિશાળમાં પ્રથમ ભણાવે છે. વર્ણ અક્ષરની આમ્નાય અનાદિની છે, કોઈની કરેલી નથી. આમ પ્રથમ શીખવતા. તેમ આ કેવલજ્ઞાનનો કક્કો છે. એક આત્મા પોતાની પરિણતિથી પરિણમતો છે, તેને દ્રવ્ય સ્વયં ન કરે એટલે કે પોતે સ્વયં સિદ્ધ પર્યાયની યોગ્યતાથી પ્રગટે છે. અમિતગતિ આચાર્ય યોગસારના પાંચમા સંવર અધિકારની ગાથા ૧૮-૧૯માં કહે છે કે સંવરની એક સમયની પર્યાય અથવા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય ગુરુ દેતા નથી. તેમ જ દ્રવ્ય પણ દેતું નથી.

"ज्ञान दृष्टि चारित्राणि ह्रियंते क्रियंते न च गुर्वाद्यैः सेव्यमानै रनारतं। उत्पद्यंते विनश्यंति जीवस्य परिणामिनः। ततः स्वयं स दाता न परतो न कदाचन।"

"ज्ञान दर्शन और चारित्रका न तो इन्द्रियोंके विषयोंसे हरण होता हैं और न गुरुओंकी निरंतर सेवासे उनकी उत्पत्ति होती हैं, किन्तु इस जीवके परिणमन शील होनेसे प्रतिसमय इसके गुणोंकी पर्याय पलटती है—मतिज्ञान आदिकी उत्पत्ति और विनाश होता रहता है—इसलिये मतिज्ञान आदिका उत्पाद् विनाश न तो स्वयं जीव ही कर सकता है और न कभी परपदार्थसे ही उनका उत्पाद् विनाश हो सकता है।"

આમ સમય સમયની પર્યાય દ્રવ્યથી કથંચિત્ સ્વતંત્ર છે એમ ત્યાં બતાવ્યું છે. પણ એ વાત અત્રે સિદ્ધ કરવી નથી.

જેવી રીતે કેવળી ભગવાન પૂર્ણ રીતે પૂર્ણ જ્ઞેયોને જાણે છે તેમ સાધક પોતાના જ્ઞાન અનુસાર જાણે છે. તે જાણનાર રહે છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યનું ઉત્પાદક થાય એમ બનતું નથી. પર સાથે કર્તા-કર્મ સંબંધ નથી એમ સાબિત કરવું છે. એક એક પર્યાયમાં કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન ને અધિકરણ એમ છ કારકો છે. દરેક સ્વતંત્ર છે. એક કારક બીજા કારકને લીધે નથી. સાધકને ચારિત્રગુણની એક પર્યાયમાં એક સમયમાં સંવર નિર્જરા આસ્રવ અને બંધ—એમ ચાર ભેદ પડે છે. દરેકના છ કારક ગણતાં ચોવીસ ભેદ પડે છે. તે દરેક સ્વતંત્ર છે. જીવ પોતે ઉત્પાદક છે, બીજો જીવ તેનો ઉત્પાદક નથી.

અજ્ઞાની કહે છે કે વ્યવહાર હોય તો નિશ્ચય થાય. વળી તે કહે છે કે ક્રમ પણ બદલે છે. તો એમ માનનાર કેવળી ભગવાનને, ક્રમબદ્ધને, તે વખતના રાગને, તે તે વખતના અનુકૂળ નિમિત્તને તથા જ્ઞાયકભાવને જાણતો નથી.

પ્રવચનસાર ગાથા ૧૬માં કહ્યું છે કે આત્મા સ્વયંભૂ છે. તે પોતાના સ્વભાવથી ઊપજે છે. છ કારકરૂપે પોતાની અપેક્ષાથી પરિણમે છે, બીજાની અપેક્ષા રાખતો નથી. દરેક વસ્તુ નિરપેક્ષપણે પરિણમે છે. તે વખતે રાગ હોય તેને જાણતો વ્યવહારનય જાણવા માટે પ્રયોજનવાન છે.

સહેજે સમુદ્ર ઉલ્લસિયો, જેમાં મોતી તણાયા જાય,
ભાગ્યવાન કર વાવ રે, તેની મૂઠી મોતીએ ભરાય.

પણ તેથી ઊલટું
ભાગ્યહીન કર વાવરે તેની મૂઠી શંખલે ભરાય.

ક્રમબદ્ધ જે જે પર્યાય ઊપજે છે, તે તે પર્યાય સાથે આત્મા તદ્રૂપ છે, તે પરની અપેક્ષા રાખતો નથી. તેવી રીતે દરેક પરમાણુ પણ પરની અપેક્ષા રાખતો નથી એમ સમજવું. જ્ઞાન-પ્રવાહ ક્રમધારાએ ચાલે છે. તે કોને રાખે, કોને ફેરવે કે ટાળે? માત્ર જાણવું તેનું કાર્ય છે. શરીર, મન, વાણી આદિ જડ પદાર્થોનું કાર્ય જીવનું છે એમ સાબિત થતું નથી. પણ તે જ્ઞાનનું વ્યવહારે જ્ઞેય છે. અજીવ ઉત્પાદ્ય છે અને જીવ ઉત્પાદક છે એમ સાબિત થતું નથી. આહાર, પાણી, મન, વાણી, શરીર આદિની જે અવસ્થા કાળક્રમે થાય તેને જ્ઞાતા પોતાના જ્ઞાનપણે ઊપજતો પોતે ઉત્પાદક થઈ જ્ઞાનનું ઉત્પાદ્ય કરે છે. સામે અજીવનું કાર્ય થયું છે. માટે જ્ઞાનનું ઉત્પાદ્ય થયું છે એમ નથી. અજીવો ક્રમબદ્ધ પોતાના પ્રવાહક્રમથી પરિણમે છે એવા જડનું કાર્ય જીવનું છે એમ સાબિત થતું નથી.

આ એકાંત નિશ્ચયની વાત નથી, પણ યથાર્થ નિશ્ચયની વાત છે. જે પ્રકારનો રાગ જે જે ભૂમિકાને યોગ્ય હોય તે પ્રમાણે જ હોય. મુનિને આધાકર્મી આહાર હોય એમ બને નહિ. મુનિ થતાં નગ્નદશા થાય છે, પણ નગ્નદશાનું કાર્ય તે જીવનું નથી. ચોથે કે પાંચમે ગુણસ્થાને વિકલ્પ આવે છે ને વસ્ત્ર ઊતરે છે, પણ તે કાર્ય જીવનું નથી. જીવ તો તે વિકલ્પનું જ્ઞાન કરે છે. અજીવનું કાર્ય જીવ કરે છે—એમ કોઈ રીતે સાબિત થતું નથી. મુનિ ભિક્ષા માટે જાય ત્યાં આહાર લેતી વખતે બે હાથ જોડેલા હોય છે. તે હાથની ક્રિયા આત્માને લીધે થઈ નથી અને મુનિદશામાં એવી ક્રિયા ન હોય એમ પણ બને નહિ. નિમિત્તો અનુકૂળ હોય છે. હાથ ઊંચા થાય છે, તે જડના કારણે થાય છે. જીવ તે કાર્ય કરતો નથી. છતાં જડની તે અવસ્થા જડના કારણે થયા વિના રહે નહિ. એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે. વળી સમકિતીને દારૂ, માંસ ખાવાનો ભાવ હોય જ નહિ. અનંતાનુબંધીનો રાગ તૂટી જતાં માંસ-દારૂ લેવાનો ભાવ હોઈ શકે નહિ. કોઈ કહે કે "અમો મુનિ છીએ. અમો આત્મામાં લીન છીએ. ભલે વસ્ત્ર બાહ્યમાં હોય ને દોષિત આહાર હોય" તો તેમ માનનાર મૂઢ છે. તેને ક્રમબદ્ધપર્યાયની ખબર નથી.

સમકિતી જીવ દીક્ષા લેવા તૈયાર થાય છે, ત્યારે માતાને કહે છે કે 'હે શરીરની જનની! મારા આત્માને તમોએ ઉપજાવેલ નથી. હું આત્મા પાસે જવા માગું છું. માટે મને રજા આપો'—એવી ભાષા ઇચ્છાને લીધે નીકળેલ નથી. અજીવનું કાર્ય આત્માએ કરેલ નથી. નિમિત્તનાં કથનો ઘણાં આવે પણ તેનો આશય સમજવો જોઈએ.

ભાષા ભાષાના કારણે થાય છે, રાગ રાગના કારણે થાય છે અને જ્ઞાન જ્ઞાનના કારણે છે એવો મેળ છે, છતાં એક બીજાને કર્તા-કર્મ નથી. સમકિતી જીવ ગુરુ પાસે જઈને કહે છે કે "અમોને અમારા કલ્યાણ માટે ભગવતીદીક્ષા આપો"—એમ ભાષા નીકળે છે. ભાષા ક્રમસર થાય છે, તેને વ્યવહાર જ્ઞેય તરીકે જાણતો જ્ઞાતા જ્ઞાનના ક્રમસર પર્યાયપણે ઊપજતો જાણી લ્યે છે.

આ અધિકાર કેવળજ્ઞાનનો કંપો ખડો કરે છે. જ્ઞાનની નવી અવસ્થા થાય છે સામે અજીવની નવી નવી અવસ્થા થાય છે, પણ અજીવનું કાર્ય જીવ કરે—એમ સાબિત થતું નથી.

ધર્માત્મા સૂવે બેસે, કોઈ વખતે તેને આર્ત્તધ્યાન કે રૌદ્રધ્યાન થાય તે વખતે જડની અવસ્થા ક્રમબદ્ધ થાય છે. આંસુ ક્રમબદ્ધ નીકળે છે, તેને આત્માએ કરેલ નથી. સમકિતી તો જ્ઞાયકભાવે ઊપજતો રહે છે.

હવે અજીવના કાર્યનો આત્મા કર્તા સાબિત થતો નથી—એમ બતાવે છે. આત્મામાં કર્તા-કર્મપણું નિરપેક્ષપણે છે તેને જડના કર્તા-કર્મની અપેક્ષા નથી ને જડમાં કર્તા-કર્મપણું નિરપેક્ષ છે તેને આત્માના કર્તાકર્મની અપેક્ષા નથી. આત્મા પોતાના જ્ઞાનસ્વભાવરૂપે પરિણમે છે તે જ્ઞાનનું કાર્ય સ્વયં સિદ્ધ કરે છે. જડ કર્તા થઈ તેનું કાર્ય કરી રહ્યું છે માટે આત્મામાં જ્ઞાન થયું છે—એમ નથી.

જો પર્યાય વ્યવસ્થિત ન હોય અથવા ક્રમબદ્ધ ન હોય તો કેવળજ્ઞાને, અવધિજ્ઞાને મનઃપર્યયજ્ઞાને તથા જ્યોતિષીએ શું જાણ્યું? ભાઈ, બધું નક્કી છે. જેમ આજે શુક્રવાર છે, કાલે શનિવાર થશે તે નિશ્ચિત છે તેમ દરેક દ્રવ્યની પર્યાય નિશ્ચિત છે, તેમાં કાંઈ ફેરફાર નથી.

જ્ઞાતાદ્રષ્ટામાં આનંદ પ્રગટે છે, સ્વાધીનતાનો અંશ પ્રગટ થાય છે, પરાધીનતાનો નાશ થાય છે. આત્માનું ધ્યાન રાખવા જઈએ ને શરીર પડી જાય તો? એમ અજ્ઞાની શંકા કરે છે. સમાધાનઃ—તારા ધ્યાનથી શરીરની પર્યાય અટકતી નથી. આત્મા જ્ઞાનરૂપે પરિણમતો પરના કાર્યનો કર્તા થતો નથી. જીવના જ્ઞાનમાં જડની અપેક્ષા નથી અને જડના પરિણમનને જીવના જ્ઞાનની અપેક્ષા નથી, પણ અજ્ઞાની પરમાં ઘાલમેલ કરી મિથ્યા મોહમાં અટકી રહ્યો છે.

જ્ઞાનગુણના છ કારકો સ્વતંત્ર છે. દર્શન, ચારિત્ર, વીર્ય એમ દરેક ગુણના છ કારકો સ્વતંત્ર છે, એવી રીતે પરમાણુના એક એક ગુણમાં છ કારકો સ્વતંત્ર છે, તે પોત પોતાના કારણે છે, પરને લીધે નથી.

પાણીનો શીતળ સ્વભાવ ચોક્કસ છે, તેથી તેને નિયત કહેવામાં આવે છે. તેમ આત્માનો સ્વભાવ શાંત છે, તેથી તેને નિયત કહેવામાં આવે છે. પણ પાણીમાં ઉષ્ણતા થાય તે અનિયત સ્વભાવ છે, એટલે કે તે કાયમ રહેતો નથી, તેમ આત્મામાં વિકાર થાય તે અનિયત સ્વભાવ છે. પણ અનિયતનો અર્થ આડો-અવળો ન સમજવો. અનિયત સ્વભાવ પણ ક્રમબદ્ધ પ્રગટે છે પણ નિયત શાંત સ્વભાવથી વિરુદ્ધ બતાવવા વિકારને અનિયત કહ્યો છે.

સ્વ-પ્રકાશક જ્ઞાન પ્રગટતા પર-પ્રકાશક જ્ઞાન પણ યથાથ ખીલ્યું છે. પણ જ્ઞાન પ્રગટ્યું છે માટે નિમિત્ત આવ્યું છે એમ નથી અને નિમિત્ત છે માટે પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું છે એમ પણ નથી. છતાં તે પ્રકારનું પર-પ્રકાશક જ્ઞાન અને નિમિત્ત બન્ને ન હોય—એમ પણ બને નહિ.

જડનું કાર્ય જીવનું નથી. માટે અજીવના કાર્યનો આત્મા કર્તા સિદ્ધ થતો નથી. ઇચ્છા થઈ માટે સોનગઢ આવ્યા ને? એમ કોઈ કહે છે, પણ ભાઈ, શરીરનું ક્ષેત્રાંતર આત્માને આધીન નથી. શરીર, મન, વાણી, પુસ્તક આદિનાં કાર્ય થઈ રહ્યા છે તે જીવના સિદ્ધ થતાં નથી, માટે જીવ તેનો કર્તા સાબિત થતો નથી, તેથી જીવ પરનો અકર્તા ઠરે છે. તે નિમિત્તને લાવતો નથી, તેમજ દૂર કરતો નથી. આપણે નિમિત્ત મેળવવાં જોઈએ ને? એમ અજ્ઞાની કહે છે. રોટલી બનાવવા માટે વેલણ વગેરે મેળવવાં અને પછી તેને છૂટાં કરી દેવાં એમ તે કહે છે, પણ નિમિત્ત તેના કારણે આવે છે. તે નિમિત્તનું કાર્ય આત્મા કરે તેમ બને નહિ, છતાં અનુકૂળ નિમિત્ત ન હોય એમ બનતું નથી. સાચું જ્ઞાન થતાં અનુકૂળ નિમિત્ત—સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ન હોય એમ બનતું નથી.

સોનાને કાટ ન લાગે તેમ જ્ઞાયક આત્માને વિકારનો કાટ નથી. હું જ્ઞાયક છું-એમ જાણતો જ્ઞાન પર્યાય સાથે તદ્રૂપ છે. આમ નવો નવો ઊપજતો જાય છે. સમયે સમયે પોતામાં કર્તા-કર્મપણું નવું નવું થાય છે. બીજા સમયનું કર્તા-કર્મપણું જુદું છે-આમ સમયે સમયે પલટયા કરે છે. છ કારકો અને અનંતા ગુણો પલટે છે, એટલે કે તે નવા નવા રૂપ ધારણ કરે છે. પણ તે અજીવના કાર્યનો કર્તા નથી. અજીવનું કાર્ય જીવનું સાબિત થતું નથી-માટે જીવને અજીવનું કર્તાપણું સિદ્ધ થતું નથી, તેથી જીવ અકર્તા ઠરે છે એટલે કે જ્ઞાયક ઠરે છે.

આ ગાથા પહેલાં આઠ ને હમણા પાંચ દિવસ એમ કુલ તેર દિવસ ચાલી છે. આ ગાથાના ભાવને જે યથાર્થ સમજે તેને ક્રમશઃ તેરમું ગુણસ્થાન પ્રગટ થયા વગર રહે નહિ.

---

શાસ્ત્રમાં કથન આવે કે આત્મા વ્યક્ત રાગ-દ્વેષનો કર્તા અસદ્‌ભૂત ઉપચરિત વ્યવહારનયથી છે, અને અવ્યક્ત રાગ-દ્વેષનો કર્તા અસદ્‌ભૂત અનુપચરિત વ્યવહારનયથી છે. તેનો અર્થ એ છે કે આત્મા જ્ઞાયક છે એમ જાણ્યું એટલે રાગ જે વ્યક્ત તથા અવ્યક્ત બાકી છે, તેને સ્વ-પર પ્રકાશક જ્ઞાન જાણે છે. વળી શરીરાદિને પણ વ્યવહારથી જાણે છે. આમ અકર્તા થતાં, સ્વ-પર જ્ઞાતા થાય છે. તેમાં રાગાદિનું અને શરીરાદિનું જ્ઞાન આવી જાય છે.

આનું નામ કેવળજ્ઞાનનો કક્કો છે, આનું નામ પદાર્થનો સ્વભાવ છે. આનું નામ તત્ત્વાર્થશ્રદ્ધાન સમ્યગ્દર્શન છે.

[ ક્રમબદ્ધપર્યાયના સિદ્ધાંત દ્વારા કેવળજ્ઞાનનો કક્કો શીખવનાર શ્રી કહાન ગુરુદેવનો જય હો ! ]

## 卐 તું જ્ઞાયક જ છો 卐

ભાઈ ! તું જ્ઞાયક જ છો એમ નિર્ણય લાવ ! જ્ઞાયક જ છો પણ એ જ્ઞાયકનો નિર્ણય કરવાનો છે. પુરુષાર્થ કરું...કરું પણ એ પુરુષાર્થ તો દ્રવ્યમાં ભર્યો છે તો એ દ્રવ્ય ઉપર લક્ષ જાય ત્યાં પુરુષાર્થ પ્રગટે છે, પણ એને કરું...કરું...કરીને કાંઈક નવીન કાર્ય કરવું છે. પણ જ્યારે દ્રવ્ય ઉપર લક્ષ જાય છે ત્યારે બધું જેમ છે તેમ જાણે છે. પરનું તો કાંઈ પલટાવવું નથી અને સ્વનું પણ કાંઈ પલટાવવું નથી. સ્વનો નિર્ણય કરતાં દિશા જ પલટી જાય છે. ખરેખર તો પરોક્ષ જ્ઞાન છે તે પણ જાણનાર જ છે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

# ❋ મુક્તિનું કારણ એક સ્વાનુભવ જ છે ❋

[ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન ]

( સળંગ પ્રવચન નં. ૪૯ )

આ શ્રી નાટક સમયસાર શાસ્ત્ર છે તેમાં કર્તાકર્મક્રિયાદ્વારનું ૩૦મું પદ છે તેમાં બનારસીદાસજી આત્માનુભવની પ્રશંસા કરે છે.

दरबकी नय परजायनय दोऊ,
श्रुतग्यानरूप श्रुतज्ञान तो परोख है ।
सुद्ध परमातमाकौ अनुभौ प्रगट तातैं,
अनुभौ विराजमान अनुभौ अदोख है ॥
अनुभौ प्रवान भगवान पुरुष पुरान,
ग्यान औ विग्यानघन महा सुखपोख है ।
परम पवित्र यौं अनन्त नाम अनुभौके,
अनुभौ विना न कहूं और ठौर मोख है ॥ ३० ॥

શું કહે છે ?—કે આત્મા જ્ઞાન અને આનંદસ્વભાવથી ભરપૂર ભરેલી વસ્તુ છે. આ આત્માને બે નય વડે ઓળખવામાં આવે છે એક તો દ્રવ્યાર્થિકનય અને બીજી પર્યાયાર્થિકનય. દ્રવ્ય જ જેનું પ્રયોજન છે તે જ્ઞાનના અંશને દ્રવ્યાર્થિકનય કહેવાય છે અને પર્યાયના સ્વરૂપને જાણનાર જ્ઞાનના અંશને પર્યાયાર્થિકનય કહેવાય છે. ભેદ પાડીને જાણવામાં સાથે રાગ છે તેથી આ જ્ઞાનને વિકલ્પાત્મક શ્રુતજ્ઞાન કહેવાય છે, તે વાસ્તવિક તત્ત્વ નથી.

જે જીવ શરીર, વાણી, મનના વિચારમાં જ રોકાણો છે તે તો આત્માના અનુભવમાં આવ્યો જ નથી પણ પુણ્યના વિકલ્પમાં રોકાણો છે તે પણ રાગમાં ઊભો છે. રાગ તે આત્માનો સ્વભાવ નથી માટે તેમાં ધર્મ નથી. જે બે નય દ્વારા આત્મસ્વરૂપનો રાગમિશ્રિત વિચાર કરે છે તે પણ રાગમિશ્રિત શ્રુતજ્ઞાન હોવાથી વાસ્તવિક શ્રુતજ્ઞાન નથી, પરોક્ષ જ્ઞાન છે. વિકલ્પાત્મક વિચાર છોડીને, અખંડ અભેદ ચૈતન્યસ્વભાવનો અનુભવ તો પ્રત્યક્ષ છે. જ્ઞાનમાં આત્માનો પ્રત્યક્ષ અનુભવ થાય તે જ ખરો સ્વાનુભવ છે. વ્યવહારરત્નત્રયથી આત્મા અનુભવમાં આવતો નથી.

અખંડ અભેદ આત્માનો અનુભવ તો પ્રત્યક્ષ છે તેમાં તેને કોઈ વિકલ્પના

સહારાની જરૂર નથી. સ્વસંવેદનજ્ઞાનમાં—અનુભવમાં આત્મા બિરાજમાન છે માટે અનુભવ શોભનીય છે. વસ્તુ તો ત્રિકાળ બિરાજમાન છે પણ અનુભવની પર્યાય વડે તેના બિરાજમાનપણાનો અનુભવ થાય છે. સ્વ એટલે પોતાથી, સં એટલે પ્રત્યક્ષ, વેદન એટલે અનુભવ થવો તેનું નામ સ્વસંવેદન છે.

આ કોઈ ઘરની વાત કહેવાતી નથી. કુંદકુંદ આચાર્ય અને અમૃતચંદ્રાચાર્યે કહેલી વાત બનારસીદાસજી કહે છે.

અનુભવ 'અદોષ' છે અર્થાત્ નિર્દોષ છે. આત્માને અનુસરીને આત્માના આનંદનું વેદન થાય એ જ આત્માને શોભનીક છે. એ અનુભવ નિર્દોષ છે. વિકલ્પાત્મક શ્રુતજ્ઞાન સદોષ છે પણ અનુભવ નિર્દોષ છે. વિકલ્પમાત્ર અશોભનીક છે. સદોષ છે. તે ભલે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ હોય તે પણ અશોભનીય છે.

અનુભવ રત્નચિંતામણિ, અનુભવ હૈ રસકૂપ.
અનુભવ મારગ મોક્ષનો, અનુભવ મોક્ષસ્વરૂપ.

અનુભવ થયા પહેલાં અને પછી પણ વ્રત, ભક્તિ, દાન, તપ આદિના શુભ પરિણામ હોય છે—આવે છે પણ તે સદોષ છે. નિર્દોષ તો એક અનુભવ જ છે.

અનુભવ પ્રમાણ તે સત્ય છે. રાગમિશ્રિત વિચારથી રહિત નિર્વિકલ્પ અનુભવ થાય તે પ્રમાણજ્ઞાન છે, તે જ્ઞાન સાચું છે. અનુભવ તો 'ભગવાન' છે. પુણ્યની ક્રિયા એ તો રાંકાઈ છે—દીનતા છે અને અનુભવ તો ભગવાન છે. જન્મ-મરણરૂપ સંસાર અને આકુળતાથી છૂટવું હોય તો આ ભગવાન જ શરણરૂપ છે, ઉપાદેય છે. સત્ ચિદાનંદપ્રભુનો સ્વસન્મુખ થઈને અનુભવ કરવો તે જ ભગવાનનો અનુભવ છે. પુણ્ય-પાપ તો દોષ છે તે કાંઈ વસ્તુનો સ્વભાવ નથી માટે તેનો આશ્રય લેવો એ તો દીનતા છે.

અનુભવ 'પુરુષ' છે બાકી બધાં ભાવ નપુંસક છે, આત્મા નથી. અનુભવ 'પુરાણ' છે. બહુ જૂની અનાદિની ચીજ છે. અનંત અનંત સંતો, જ્ઞાની ધર્માત્માઓ અનુભવ કરીને જ મુક્તિને પામ્યા છે. માટે અનુભવ તો પુરાણી ચીજ છે. અહીંથી આ અનુભવની વાત નવી નીકળી નથી પણ પુરાણી છે. સત્ ચિદાનંદપ્રભુ આત્માનું પદ સદા સિદ્ધ સમાન છે તેનો રાગથી હટીને, સ્વસન્મુખ થઈને અનુભવ કરવો તે 'પુરાણ' છે.

અનુભવ જ 'જ્ઞાન' છે. આત્મા વિકલ્પ અને રાગથી રહિત આત્માનો અનુભવ

કરે ત્યારે તેને 'સમકિત' નામ આપવામાં આવે છે એવો પાઠ ૧૪૪ ગાથામાં છે તેના ઉપરનો આ શ્લોક છે તેમાં કહે છે કે અનુભવ જ 'જ્ઞાન' છે.

અહીં કાયરના કામ નથી—પુરુષાર્થહીનના કામ નથી. રાગમાં પુરુષાર્થને જોડે છે તે નપુંસક છે, પુરાણ પુરુષ નથી. પુરુષ એટલે આત્મા તેનો અનુભવ તે જ્ઞાન છે. શાસ્ત્રનું ભણતર કે બીજાને ભણાવવું તે જ્ઞાન નથી. પાંચ–પચાસ હજાર શ્લોક કંઠસ્થ થઈ જાય તો એને એમ થાય કે મને તો બધાં શાસ્ત્ર મોઢે (યાદ) છે પણ તે જ્ઞાન નથી. શુદ્ધ આનંદકંદનો અનુભવ તે જ્ઞાન છે.

ત્રિલોકનાથ તીર્થંકરદેવ ભગવાન સર્વજ્ઞે જેવું કહ્યું છે તેવું કુંદકુંદ આચાર્યદેવ કહે છે એ જ અમૃતચંદ્ર આચાર્ય કહે છે અને બનારસીદાસજીએ તેના ઉપર જ આ પદ બનાવ્યા છે. તેમાં કહે છે કે જ્ઞાન તો તેને કહીએ કે જેની સાથે આનંદ હોય. અતીન્દ્રિય આનંદ સહિતનું જ્ઞાન તે જ જ્ઞાન છે. એકલા જ્ઞાનના ઉઘાડમાં આત્મા તો આવતો નથી. આત્મા અનુભવમાં આવે તો તો અનંતગુણનો અભેદ સ્વાદ પર્યાયમાં આવવો જોઈએ તે તો આવતો નથી માટે ઉઘાડજ્ઞાન તે વાસ્તવિક જ્ઞાન નથી.

'અનુભવ' વિજ્ઞાનઘન છે. આત્મવસ્તુ તો ત્રિકાળ વિજ્ઞાનઘન છે પણ તેમાં જે જ્ઞાન સ્થિર થાય છે અને વિકલ્પ છૂટી જાય છે તે અનુભવજ્ઞાનને પણ વિજ્ઞાનઘન કહ્યું છે. આ અનુભવ પરમ સુખનો પોષક છે. વસ્તુના અનુભવપૂર્વક જે જ્ઞાન થાય છે તેમાં આનંદનું પોષણ છે. તે જ્ઞાન આનંદથી પોઢું (પોસાયેલું) થયેલું હોય છે. અશુભરાગ તો બંધનું કારણ છે પણ શુભરાગ પણ બંધનું કારણ છે અને સદોષ છે. તેનાથી ખસીને ભગવાન આત્માનો અનુભવ કરે તે અનુભવ પરમ સુખનો પોષક છે. કલ્પિત સુખનો પોષક નથી. પૈસાનું સુખ તો કલ્પિત છે. તેમાં તો જીવો બિચારા દુઃખી થાય છે. અને આત્માના અનુભવનું સુખ તો આનંદમય છે અને પરમ પવિત્ર છે.

આત્માના અનુભવને પરમ અને પવિત્ર પણ કહેવાય છે. અનુભવપ્રકાશમાં દીપચંદજીએ 'અનુભવ'નું નામ બહુ લીધું છે. દ્રવ્યસંગ્રહમાં પણ 'અનુભવ' શબ્દ ટીકામાં આવે છે. આત્મા પરમ સ્વભાવી છે માટે આત્મારાજાની પર્યાયને પણ 'પરમ' કહેવાય છે. 'અનુભવ' એ તો આત્મરાજાની નિર્મળપર્યાય છે ને! માટે પવિત્ર છે. બાકી શુભ–અશુભ રાગની ક્રિયા અને તેનો અનુભવ તો અપવિત્ર છે.

આમ, અનુભવના અનંત નામ છે. આત્મામાં જેટલાં—અનંતગુણ છે તે બધાંના નામ અનુભવને લાગુ પડે છે. કારણ કે 'અનુભવ'માં બધાં ગુણોનો અંશ અનુભવમાં આવે છે. 'સર્વગુણાંશ તે સમકિત' છે માટે અનુભવને 'સમ્યગ્દર્શન'

કહો, 'સમ્યગ્જ્ઞાન' કહો, 'સમ્યક્ સ્વરૂપાચરણ ચારિત્ર' કહો, 'અતીન્દ્રિય આનંદ' કહો, 'વીર્યની સ્ફૂરણા' કહો, 'આત્માનો સાક્ષાત્કાર' કહો, આત્માનો ભેટો કહો, કે ભગવાનનો ભેટો કહો...આ બધાં અનુભવના નામ કહી શકાય છે.

અનુભવ સિવાય કયાંય મુક્તિ નથી એટલે કે અનુભવ સિવાય ધર્મ કયાંય નથી. વ્રત, તપ, જાત્રા, ભક્તિ આદિના ભાવ વચ્ચે આવે છે તે તો પુણ્યના વિકલ્પ છે. अनुभौ विना न कहूं और ठौर मोख है । જુઓ! અનુભવ જ મોક્ષનું કારણ છે એમ કહ્યું તેમાં એકાંતવાદ ન થયો? ના, અનુભવ જ મોક્ષનું કારણ છે, વ્યવહાર મોક્ષનું કારણ નથી. એવું અનેકાંત તેમાં રહેલું છે. વ્યવહારને પણ મોક્ષનું કારણ માને તે તો ફૂદડીવાદ છે. જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ ન થાય ત્યાંસુધી વ્રત, તપ, જપાદિનો શુભરાગ આવે તો છે જ પણ તે મોક્ષનું કારણ નથી.

કુંદકુંદઆચાર્ય ૨૦૦૦ વર્ષ પહેલાં થઈ ગયા. તેમણે સમયસારની રચના કરી. તેના ઉપર ૯૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા અમૃતચંદ્રાચાર્યદેવે ટીકા લખી અને કળશની રચના કરી. તેના ઉપર રાજમલજીએ 'કળશટીકા' લખી તેના ઉપરથી બનારસીદાસજીએ આ પદ્યોની રચના કરી તે આ 'નાટક સમયસાર' શાસ્ત્ર છે. માટે, મૂળ તો આ આત્મજ્ઞાની જંગલમાં વસનારા નિર્ગ્રંથ દિગંબર મુનિએ બનાવેલું શાસ્ત્ર છે. તેમાં આ ૩૦મું પદ્ય પૂરું થયું. હવે ૩૧મું પદ્ય ૪૯માં શ્લોક ઉપર કહે છે. બનારસીદાસજી જુવાન અવસ્થામાં તો વ્યભિચારી હતા અને તેના ઉપર ગ્રંથ પણ લખતાં પછી રૂપચંદજી આદિ સાધર્મીનો સંગ મળ્યા પછી પોતે આત્મજ્ઞાની થયા તો પહેલાંના ગ્રંથ ગોમતી નદીમાં વહાવી દીધા, ત્યારબાદ આ 'ભાષ્ય'—(નાટક સમયસાર) બનાવ્યું.

આ ૩૧માં પદ્યમાં અનુભવના અભાવમાં સંસાર અને સદ્‌ભાવમાં મોક્ષ છે તેના ઉપર દૃષ્ટાંત આપીને સમજાવે છે.

जैसैं एक जल नानारूप-दरवानुजोग,
भयौ बहुभांति पहिचान्यौ न परतु है ।
फिरि काल पाइ दरवानुजोग दूरि होत,
अपनै सहज नीचे मारग ढरतु है ॥
तैसैं यह चेतन पदारथ विभाव तासौं,
गति जोनि भेस भव-भांवरि भरतु है ।
सम्यक् सुभाइ पाइ अनुभौके पन्थ धाइ,
बन्धकी जुगति भानि मुकति करतु है ॥ ३१ ॥

એમ ન સમજવું કે હું બાળક છું કે વૃદ્ધ છું માટે મને ન સમજાય. આત્મા કાંઈ બાળક, યુવાન કે વૃદ્ધ નથી. મારી બુદ્ધિ અલ્પ છે માટે મને ન સમજાય એમ પણ ન માનવું. તમારી બુદ્ધિ અલ્પ નથી, તમે તો કેવળજ્ઞાનના કંદ છો. અંદરમાં આત્માની રુચિ અને દૃષ્ટિનો વિષય ખ્યાલમાં આવવો જોઈએ બસ, એટલી વાત છે. જ્ઞાન અલ્પ હોય તેનો વાંધો નથી.

જેવી રીતે પાણી અન્ય રંગ આદિનો સંયોગ થતાં અનેકરૂપ થઈ જાય છે અથવા અનેક વૃક્ષોની અંદર જતાં પાણીનો અનેકરૂપ સ્વાદ આવે છે. તેથી પાણીનો મૂળ વર્ણ કે સ્વાદ ઓળખવામાં આવતો નથી. જેમકે લીંમડાંમાં ચડેલું પાણી કડવું લાગે છે, દ્રાક્ષમાં ચડેલું પાણી મીઠું લાગે છે તેમ, આ ચૈતન્યપદાર્થ વિભાવ અવસ્થામાં અનેક ગતિ, યોનિ, કુળરૂપ સંસારમાં ચક્કર લગાવ્યા કરે છે તેથી શુદ્ધજીવનું સ્વરૂપ ઓળખાતું નથી.

જેવી રીતે નદીના પાણીનો પ્રવાહ ચાલ્યો જતો હોય તે ખેતરમાં જતાં માટી સાથે મળતાં રંગ પણ બદલાઈ જાય છે પણ તે જ પાણીનો પ્રવાહ આગળ વધીને ફરી નદીમાં ભળે છે ત્યારે માટી આદિનો સંયોગ દૂર થતાં ફરી પોતાના નિર્મળ સ્વભાવમાં વહેવા લાગે છે—**अपने सहज नीचे मारग ढरतु है** । તેમ, આ ચૈતન્યજળ અતીન્દ્રિય આનંદનો સાગર પ્રભુ શુભ અને અશુભ વિભાવભાવથી અનેક પ્રકારની ગતિ, યોનિમાં ભમે છે. ચૈતન્યસ્વરૂપને છોડીને વિભાવમાં ગમન કરવાના કારણે સંસારમાં ચક્કર મારે છે પણ તે કાંઈ જીવનો સ્વભાવ નથી. અજ્ઞાનથી તે શુભાશુભ-ભાવોમાં વ્યાપી રહ્યો છે તેથી નરકગતિ, પશુગતિ, મનુષ્યગતિ અને દેવગતિને પામે છે. બહારનું શરીર તે ગતિ નથી, અંદરમાં જીવની એવી યોગ્યતા છે તે જ હું છું એમ એ માને છે. હું કીડી, હું કાગડો, હું વાણિયો, હું ધનવાન એમ અનેક પ્રકારે સંયોગોમાં એકત્વ કરે છે તેથી તેને પોતાનું ખરું સ્વરૂપ ખ્યાલમાં આવતું નથી. 'વિભાવ છે તે જ હું છું' એમ માને છે. તે વિકલ્પની જાળમાં ફસાતો થકો ભિન્ન ભિન્ન અવતાર ધારણ કરતો દેખાય છે તે હવે **सम्यक् सुभाइ पाइ अनुभौके पन्थ धाइ, बन्धकी जुगति भानि मुकति करतु है** । જ્યારે જીવને એમ થાય કે અરે! હું તો ચૈતન્ય આનંદકંદ છું, પવિત્રતાનો પુંજ છું, પુણ્ય-પાપના વિકલ્પ તો અપવિત્ર છે તે કાંઈ મારું સ્વરૂપ નથી...જ્ઞાન, આનંદ સ્વચ્છતા, વીતરાગતા એ મારો સ્વભાવ છે એવું સ્વભાવનું સમ્યક્ શ્રદ્ધાન કરે છે ત્યાં તેને સ્વભાવનું સમ્યક્ ભાન અને વેદન થાય છે. પછી તો દૃષ્ટાંતમાં જેમ ખેતરમાં વળી ગયેલું પાણી ફરી પોતાના મૂળ પ્રવાહમાં ભળીને ઢાળવાળા માર્ગથી નદીમાં ભળી જાય છે તેમ, ચૈતન્યદેવ અનુભવના

માર્ગે ચાલીને પોતાના પૂર્ણ સ્વભાવને પ્રાપ્ત કરે છે. અર્થાત્ મુક્તિને પ્રાપ્ત થાય છે.

અનાદિથી પુણ્ય-પાપના વિભાવરૂપ પ્રવાહમાં જીવની ભિન્ન ભિન્ન ગતિ, યોનિ, કુળ આદિ અનેકરૂપ થતાં હતાં તે કાંઈ જીવનું અસલી સ્વરૂપ ન હતું. પોતાને મનુષ્ય તરીકે ઓળખવો કે દયાદિના વિકલ્પથી ઓળખવો કે સંયોગથી ઓળખવો તે કાંઈ જીવનું સ્વરૂપ નથી. એ તો પરઘર છે—વિભાવનું ઘર છે—વિભાવના ભેદ છે એમ જાણીને, જ્યારે જીવનું વીર્ય અનુભવના પંથે દોડે છે ત્યારે અનુભવ કરતાં...કરતાં... જીવનો મોક્ષ થઈ જાય છે. કરવાનું આ એક જ છે.

અનુભવના માર્ગે આનંદપૂર્વક જાય છે ત્યાં બંધ તો નાશ પામતો જાય છે (બંધ થતો નથી તેથી બંધને નાશ કર્યો એમ કહેવામાં આવે છે). અબંધસ્વભાવી ભગવાન આત્માની લગની લાગી છે તેથી જ્ઞાનીને અનુભવમાંથી બહાર નીકળવું ગમતું નથી. આવા અનુભવના પંથમાં લાગીને **बन्धकी जगति भानि**—બંધના પ્રકારને જ્ઞાની ટાળી નાંખે છે. અને **मुकति करतु है** ।—મુક્તિ પ્રાપ્ત કરે છે.

અનાદિથી પુણ્ય-પાપ, દાન, વ્રતાદિનું વેદન હતું તે તો ઝેરનું વેદન હતું અને તેનાથી તો કર્મનો બંધ પડતો હતો. તેને ટાળીને હવે જ્ઞાની કર્મબંધનથી મુક્તિનો અનુભવ કરે છે. જૈનદર્શનનો અને સર્વજ્ઞની વાણીનો સારમાં સાર આ છે કે પોતાના સ્વભાવને ઓળખીને તેનો અનુભવ કરવો. આ સારમાં સાર છે.

આ ૪૯મા કળશનું પદ્ય અને તેનો અર્થ થઈ ગયો. હવે ૫૦મા કળશ ઉપર ૩૨મા પદ્યમાં કહે છે કે મિથ્યાદૃષ્ટિજીવ કર્મનો કર્તા છે.

> **निसि दिन मिथ्याभाव बहु, धरै मिथ्याती जीव,**
> **तातैं भावित करमकौ, करता कह्यौ सदीव ॥ ३२ ॥**

બહુ અલ્પશબ્દોમાં ભંડાર ભરેલો છે.

જેની દૃષ્ટિ પોતાના આનંદ અને જ્ઞાયકભાવ ઉપર નથી તેની દૃષ્ટિ પુણ્ય-પાપના વિકલ્પ અને વ્યવહારના રાગ ઉપર છે. તેથી મિથ્યાદૃષ્ટિ જીવ સદૈવ મિથ્યાભાવ કર્યા કરે છે. કેમકે તેની દૃષ્ટિમાં આત્મા તો આવ્યો નથી. રાગ ઉપર જ દૃષ્ટિ છે તેથી રાગ જ કર્યા કરે છે. વિકલ્પનો કર્તા થવું તે જ અજ્ઞાન છે. અજ્ઞાની જ તેનો કર્તા થાય છે. કર્મના કારણે વિકલ્પનો કર્તા થાય છે એમ નથી. અજ્ઞાનથી તે વિકલ્પનો કર્તા થાય છે, બીજું કાંઈ કામ તો તે કરી શકતો નથી. મફતનો એમ માને છે કે

હું પૈસા કમાણો અને મેં ભાગ પાડી દીધા, મેં દાનમાં પૈસા આપ્યા એમ અનેક પ્રકારે પરના કાર્યનો કર્તા પોતાને માને છે પણ જીવનું એ કાર્ય નથી, જીવ તેને કરી શકતો નથી.

અજ્ઞાની અનેક પ્રકારે પોતાને પરના કાર્યનો કર્તા માને છે પણ વિકલ્પથી આગળ વધીને તે કોઈ કાર્યને કરી શકતો નથી. એ પ્રથમ નક્કી કરવાનું છે. (૧) જીવ પરના કાર્ય કરી શકતો નથી. (૨) કર્મ જીવને વિકાર કરાવતા નથી. (૩) દ્રવ્યસ્વભાવથી જીવ વિકારનો કર્તા નથી પણ અજ્ઞાનભાવથી જીવ વિકારનો કર્તા થાય છે. નિસિ-દિન એટલે રાત-દિવસ—૨૪ કલાક અજ્ઞાની જીવ ફેરવી ફેરવીને વિકલ્પને જ કર્યા કરે છે. વિકલ્પ છે તે જ રાગ-વિકાર છે. આમ કરું...આમ કરી નાખું...તેમ કરી નાખું... મેં આ લીધું, મેં આ દીધું...એમ અનેક પ્રકારે મૂઢ અજ્ઞાનીજીવ રાગનો કર્તા થાય છે. જ્ઞાની તો રાગના કર્તા જ થતાં નથી કારણ કે રાગને તો પોતાના સ્વરૂપથી ભિન્ન જાણે છે—અજ્ઞાની પોતાના સ્વભાવને જાણતો નથી અને રાગને પોતાનો માને છે તેથી તે રાગનો કર્તા થાય છે. [ ક્રમશઃ ]

જ્ઞેય–જ્ઞાન ને જ્ઞાતા એવા નામભેદ છે પણ વસ્તુમાં ભેદ નથી. અહીં સ્વતંત્રતાની–પરિપૂર્ણતાની પરાકાષ્ઠા બતાવી છે. જીવ પોતે જ્ઞેય, પોતે જ જ્ઞાન ને પોતે જ્ઞાતા એવો વચનભેદ છે, પણ વસ્તુમાં તો આવા ત્રણ ભેદ પણ નથી. પર મારું ને હું તેનો એ તો નથી. પર જ્ઞેય ને હું જ્ઞાયક એમ પણ નથી પરંતુ હું જ્ઞેય ને હું જ્ઞાયક એવો ભેદ પણ નથી. વસ્તુમાં જ્ઞેય-જ્ઞાયક ને જ્ઞાતા એવા ત્રણ ભેદ છે જ નહીં, દૃષ્ટિમાં ત્રણ ભેદ જ નથી.

—પૂજ્ય ગુરુદેવશ્રી

# ભૂલ્યા....ભટક્યા....ને....ભગવાન બન્યા

[ ભગવાન રામચંદ્રજીના ભવોની પુરુષાર્થપ્રેરક વૈરાગ્યકથા ]

[ ગતાંકથી ચાલુ ]

કર્મોની વિચિત્રતા વશ મૃણાલકુંડ નગરના રાજા વજ્રકંબુકની રાણી હેમવતીને પૃથ્વીપ્રસિદ્ધ શંભુ નામનો પુત્ર થયો તે શ્રીકાંતનો જીવ, હોનહાર રાવણ છે. વસુદત્તનો જીવ, રાજાનો શ્રીભૂતિ પુરોહિત થયો તે હોનહાર લક્ષ્મણ છે. તે મહાજિનધર્મી સમ્યગ્દષ્ટિને સ્ત્રી સરસ્વતીથી વેદવતી નામની પુત્રી થઈ, તે ગુણવતીનો જીવ, હોનહાર સીતા છે. પૂર્વે ગુણવતીના ભવથી સમ્યક્ત્વ વિના અનેક તિર્યંચ યોનિઓમાં ભ્રમણ કરી સાધુઓની નિંદાના દોષથી ગંગાતટ પર હાથણી થયેલ. એક દિવસ કીચડમાં ફસાઈ ને શરીર પરાધીન થઈ ગયું, નેત્ર ચકળ-વિકળ થયા, મંદ મંદ શ્વાસ લે, તે વખતે એક તરંગવેગ નામના મહા દયાવાન વિદ્યાધરે તેના કાનમાં નમોકાર મંત્ર દીધો. તેના પ્રભાવથી કષાયમંદ થયો અને વિદ્યાધરે વ્રત આપ્યાં તેથી જિનધર્મના પ્રસાદથી શ્રીભૂતિ પુરોહિતની પુત્રી વેદવતી થઈ. એક દિવસ મુનિ આહાર અર્થે આવ્યા ત્યારે તે હસવા લાગી. ત્યારે પિતાએ તેને નિવારી. તે શાંતચિત્ત થઈ. કન્યા પરમ રૂપવતી હતી. તેથી અનેક રાજપુત્રો તેને પરણવાની અભિલાષા કરે. રાજા વિજયસેનનો પૌત્ર શંભુ જે હોનહાર રાવણ છે, તે પણ વિશેષ અનુરાગી થયો. આ પુરોહિત શ્રીભૂતિ જિનધર્મી હતો. તેણે પ્રતિજ્ઞા કરી કે જો મિથ્યાદષ્ટિ કુબેર સમાન ધનવાન હોય તોપણ હું મારી પુત્રી તેને ન આપું. તેથી શંભુકુમારે રાત્રિમાં પુરોહિતને માર્યો. પુરોહિત જિનધર્મના પ્રસાદથી સ્વર્ગમાં દેવ થયો અને સાક્ષાત્ દેવી સમાન વેદવતી શંભુને ઇચ્છતી ન હતી. છતાં પણ પાપી બળાત્કારથી પરણવા ઉદ્યમી થયો. વેદવતીને સર્વથા અભિલાષા ન હતી. ત્યારે કામથી પ્રજ્વલિત પાપી શંભુએ જોરાવરીથી વેદવતી સાથે મૈથુન કર્યું. તેથી વિરક્ત હૃદય, કંપાયમાન શરીરથી અગ્નિની શિખા સમાન પ્રજ્વલિત કન્યા પોતાના શીલઘાતથી અને પિતાના ઘાતથી પરમદુઃખને ધારતી લાલ નેત્ર કરી મહાકોપ કરી કહેવા લાગી " અરે પાપી! તેં મારા પિતાને માર્યા. હું કુંવારી, મારી સાથે બળાત્કારથી વિષય સેવન કર્યું. તેથી નીચ! હું તારા નાશનું કારણ થઈશ. મારા પિતાને તેં માર્યા તે મહા અનર્થ કર્યો. મારા પિતાના મનોરથને હું કદી પણ ન ઉલંઘુ. મિથ્યાદષ્ટિને સેવવા કરતાં મરણ ભલું છે."

આમ કહીને શ્રીભૂતિ પુરોહિતની કન્યા વેદવતી હરિકાંતા આર્યિકાની સમીપ જઈ આર્યિકાના વ્રત ધારી દુર્ધર તપ કરવા લાગી. કેશનું લોચન કરી મહાતપ વડે રૂધિર માંસને સુકવી નાખ્યા, અસ્થિ અને નસ પ્રગટ દેખાવા લાગ્યા, સમાધિમરણ કરી પાંચમા સ્વર્ગમાં ઉપજી અને ત્યાં પુણ્યોદયથી સ્વર્ગના સુખ ભોગવવા લાગી.

વેદવતીનો જીવ સ્વર્ગમાંથી ચ્યવીને ચક્રપુરનગરના ચક્રધ્વજ રાજાને ચિત્તોસ્તવા નામની પુત્રી થઈ. તે કન્યા પાઠશાળામાં ભણતી હતી ત્યાં એક બ્રાહ્મણ પુત્ર પિંગળ ભણતો હતો તેની સાથે ચિત્તોત્સવાનું મન મળી ગયું તેથી વિદ્યા સિદ્ધ ન થઈ. જેનું મન કામબાણથી વિંધાય તેને વિદ્યા અને ધર્મની પ્રાપ્તિ ન થાય.

જેમ કીર્તિને અપયશ હરી જાય તેમ પાપી પિંગળ ચિત્તોસ્તવાને હરીને વિદગ્ધનગરમાં ગયો, ધનરહિત હોવાથી નગરની બહાર કુટીર બનાવી રહ્યો, જ્ઞાનવિજ્ઞાન રહિત હોવાથી લાકડા કાપીને વેચીને આજીવિકા ચલાવતો હતો.

એક વખત ત્યાંનો રાજા કુંડલમંડિત ચિત્તોસ્તવાને દેખીને કામથી મોહિત થયો અને દાસીને મોકલી ચિત્તોત્સવાને પોતાને ત્યાં રાખી રાણી બનાવી. પિંગળ જ્યારે લાકડા કાપીને ઘેર આવ્યો ત્યારે સ્ત્રીને દેખી નહીં તેથી રાજાની પાસે ફરિયાદ કરવા ગયો કે મારી સ્ત્રી કોઈ ચોરી ગયો છે. ત્યારે રાજાએ નોકરને ઈશારો કરીને સમજાવીને પિંગળને કાઢી મૂકયો. પિંગળ સ્ત્રીના વિયોગથી અતિ દુઃખી થયો. એક વખત મુનિરાજનો સમાગમ થતાં તેમનો ઉપદેશ સાંભળી તેનું મન શાંત થયું અને દીક્ષા લઈ મુનિ થયો અને મરીને ભવનવાસી દેવ થયો.

કુંડલમંડિત અન્યાય માર્ગથી રાજ્યભ્રષ્ટ થયો. એક વખત મુનિરાજનો સમાગમ થતાં તેના ઉપદેશથી માંસ આદિનો ત્યાગ કર્યો અને અંત સમયે રોગની વ્યાધિથી મરણ પામી રાજા જનકની રાણી વિદેહાના ગર્ભમાં આવ્યો અને તે જ સમયે ચિત્તોત્સવાનો જીવ જે વેદવતી થઈ હતી તે તપના પ્રભાવથી જનકની રાણી વિદેહાના ગર્ભમાં આવી તે સીતાનો જીવ અને કુંડલમંડિતનો જીવ ભામંડલ તે બન્ને બેન-ભાઈરૂપે વિદેહાને ત્યાં જન્મ્યા.

શંભુકુમાર અનીતિના યોગથી સંસારમાં અત્યંત નિંદનીક થયો. ધન, કુટુંબ અને સેવકથી રહિત થઈ ઉન્મત થઈ ગયો. જિનધર્મથી પરાન્મુખ, સાધુઓની હાંસી નિંદા કરે, માંસ મદ્યનો આહારી, પાપક્રિયામાં ઉદ્યમી તે અશુભોદયથી નરક તિર્યંચમાં મહાદુઃખ ભોગવવા લાગ્યો. કાળવશ કંઈક પાપકર્મના ઉપશમથી કૃશધ્વજ બ્રાહ્મણની સાવિત્રી નામની સ્ત્રીનો પ્રભાસકુંદ નામનો પુત્ર થયો.

પ્રભાસકુંદે દુર્લભ જિનધર્મનો ઉપદેશ પામી વિચિત્રનિધિ મુનિ પાસે દીક્ષા લીધી. કમ, ક્રોધ, મદ, મત્સર, આરંભરહિત થયો. નિર્વિકાર તપ કરીને દયાવાન, નિસ્પૃહી, જિતેન્દ્રિય પક્ષોપવાસ, માસોપવાસ કરે. જ્યાં સૂર્યાસ્ત થાય, ત્યાં જ નિર્જન વનમાં રહે. મૂળગુણ પરિષહને પાળે અને ઉત્તમ ક્રિયાયુક્ત તે પ્રભાસકુંદ મુનિ શ્રી સંમેદશિખરની વંદના અર્થે ગયો. જેનું ચિંતવન કરતા પાપોનો ક્ષય થાય એવા નિર્વાણક્ષેત્રમાં આકાશમાં એક કનકપ્રભ વિદ્યાધરની વિભૂતિ દેખી તે મૂર્ખે નિદાન કર્યું કે જો જિનધર્મના તપનું માહાત્મ્ય સત્ય છે તો હું આવી વિભૂતિ પામું. જુઓ, જીવોની મૂઢતા! ત્રણલોક પણ જેનું મૂલ્ય નથી એવા અમૂલ્ય તપરૂપી રત્નને ભોગરૂપી મૂઠી શાક માટે વેચ્યું. કર્મના પ્રભાવથી જીવોની વિપર્યય બુદ્ધિ થાય છે. નિદાનથી દુઃખિત તે વિષમ તપ કરીને ત્રીજા સ્વર્ગમાં દેવ થયો. ભોગાસક્તચિત્ત તે ત્યાંથી ચ્યવીને રાજા રત્નપ્રભની રાણી કેકસીને રાવણ નામનો પુત્ર થયો. લંકામાં મહાવિભૂતિ પામ્યો. વસુદત્તનો જીવ અનુક્રમથી લક્ષ્મીરૂપી વેલને લપટાવા વૃક્ષરૂપી વાસુદેવ થયો. તેના ભવ ૧. વસુદત્ત, ૨. મૃગ, ૩. શુકર, ૪. હાથી, ૫. પાડો, ૬. બળદ, ૭. વાનર, ૮. ચિત્તો, ૯. શિયાળ, ૧૦. ઘેટું, ૧૧. જળચર-સ્થળચરના અનેક ભવ, ૧૨. શ્રીભૂતિ પુરોહિત, ૧૩. દેવરાજ, ૧૪. પુનર્વસુ વિદ્યાધર, ૧૫. ત્રીજા સ્વર્ગમાં દેવ, ૧૬, વાસુદેવ લક્ષ્મણ, ૧૭. મેઘા-નરક, ૧૮. કણબીપુત્ર, ૧૯. દેવ, ૨૦. વણિક, ૨૧. ભોગભૂમિ, ૨૨. દેવ, ૨૩. ચક્રવર્તીનો પુત્ર, ૨૪. કેટલાક ઉત્તમ ભવોને ધારી પુષ્કરાર્ધ વિદેહક્ષેત્રમાં તીર્થંકર અને ચક્રવર્તી એ બે પદના ધારક થઈ મોક્ષ પામશે.

દશાનન રાવણના ભવ:—૧. શ્રીકાંત, ૨. મૃગ, ૩. શુકર, ૪. હાથી, ૫. પાડો, ૬. બળદ, ૭. વાનર, ૮. ચિત્તો, ૯. શિયાળ, ૧૦. ઘેટું, ૧૧. જળચર-સ્થળચરના અનેક ભવ, ૧૨. શંભુ, ૧૩. નરક-તિર્યંચના અનેક ભવ ૧૪. પ્રભાસકુંદ. ૧૫. ત્રીજા સ્વર્ગમાં દેવ, ૧૬. રાવણ, ૧૭. વાળુકા-નરક, ૧૮. કુટુંબીપુત્ર, ૧૯. દેવ. ૨૦. વણિક, ૨૧. ભોગભૂમિ, ૨૨. દેવ, ૨૩. ચક્રીપુત્ર, ૨૪. કેટલાક ઉત્તમભવ ધારી ભરતક્ષેત્રમાં તીર્થંકર થઈ મોક્ષ પામશે.

જાનકીના ભવ:—૧. ગુણવતી, ૨. મૃગી, ૩. શુકરી, ૪. હાથણી, ૫. ભેંસ, ૬. ગાય, ૭. વાનરી, ૮. ચિત્તી, ૯. શિયાળણી, ૧૦. ઘેટી, ૧૧. જળચર-સ્થળચરના અનેક ભવ, ૧૨. વેદવતી, ૧૩. દેવી અમૃતમતી-પમું સ્વર્ગ, ૧૪. ચિત્તોત્સવા, ૧૫. બળદેવની પટરાણી સીતા, ૧૬. સોલમાં સ્વર્ગમાં પ્રતીન્દ્ર, ૧૭. ચક્રવર્તી, ૧૮. અહમીંદ્ર, ૧૯. રાવણનો જીવ તીર્થંકર થશે તેના પ્રથમ ગણધરદેવ થઈ મોક્ષ પ્રાપ્ત થશે.

રાવણે સકલ પૃથ્વી વશ કરી, એક અંગુલ પ્રમાણ ભૂમિ આજ્ઞા રહિત ન રહી. ગુણવતીનો ભાઈ ગુણવાન હતો તે જ ચિત્તોત્સવાનો પતિ કુંડલમંડિત મરીને સીતા (ચિત્તોત્સવા)નો ભાઈ ભામંડલ થયો. યજ્ઞબલિ બ્રાહ્મણનો જીવ તું વિભીષણ થયો અને બળદના ભવમાં નમોકાર મંત્રના પ્રભાવથી દેવ-નરના ભવધારી આ સુગ્રીવ થયો. ભામંડલ, સુગ્રીવ અને તું (વિભીષણ) પૂર્વભવની પ્રીતિથી અને પુણ્યના પ્રભાવથી મહાપુણ્યાધિકારી શ્રીરામના અનુરાગી થયા. આ કથા સાંભળી વિભીષણે બાલિના ભવ પૂછ્યા.

કેવળીએ કહ્યું—'હે વિભીષણ! રાગ-દ્વેષાદિના દુઃખોના સમૂહથી સભર આ ચાતુર્ગતિમય સંસાર સાગરમાં વૃંદાવનમાં સ્વાધ્યાય કરતાં એક સાધુના શબ્દોને અંતકાળમાં સાંભળીને એક મૃગ ઐરાવતક્ષેત્રમાં દિતનગરમાં વહિત નામના સમ્યગ્દષ્ટિ મનુષ્યની શિવમતિ નામની સ્ત્રીનો મેઘદત્ત નામનો પુત્ર થયો. તે જિનપૂજામાં ઉદ્યમી, જિનરાજનો ભક્ત, અણુવ્રતનો ધારક સમાધિમરણ કરી બીજા સ્વર્ગમાં દેવ થયો. ત્યાંથી ચ્યવી જંબૂદ્વીપનાં પૂર્વ વિદેહની વિજયાવતીપુરીની સમીપ મતકોકિલ ગ્રામના સ્વામી કાંતિશોકની રત્નાંગિની સ્ત્રીનો મહાસુંદર, શુભાચારી સ્વતપ્રભ નામનો પુત્ર થયો. જિનધર્મ નિપુણ તેણે સંયત નામના મુનિ થઈ હજારો વર્ષ પર્યંત વિધિપૂર્વક અનેકવિધ તપ મહાનિર્મળ ચિત્તથી કર્યા. તપના પ્રભાવથી અનેક ઋદ્ધિઓ પ્રગટી છતાં નિર્ગર્વ રહ્યા. સંયોગ સંબંધમાં મમતાને તજી ઉપશમશ્રેણિ આરોહીને શુક્લધ્યાનના પ્રથમ ભાગમાં મૃત્યુ પામી સર્વાર્થસિદ્ધિમાં ગયા. ૩૩ સાગર સુધી અહમીન્દ્રના સુખ ભોગવી રાજા સૂર્યરજનો બાલિ નામે પુત્ર થયો.

બાલિ વિદ્યાધરોનો અધિપતિ કિહકંધાપુરનો ધણી, સુગ્રીવનો ભાઈ, મહાગુણવાન તે જ્યારે રાવણ ચઢી આવ્યો ત્યારે જીવદયા અર્થે યુદ્ધ ન કરતાં સુગ્રીવને રાજ્ય આપી દિગંબર મુનિ થયા. જ્યારે તે કૈલાસ પર ધ્યાન કરતા હતા ત્યારે રાવણ આવી નીકળ્યો. તેમને જોઈ રાવણે ક્રોધ કરી કૈલાસ ઉઠાવવાનો ઉદ્યમ કર્યો. બાલિ મુનિએ ચૈત્યાલયોનો ભંગ ન થાય તેવી ભક્તિથી ધીરેથી અંગૂઠાવડે ભૂમિને દબાવી જેથી રાવણ કૈલાસની નીચે દબાવા લાગ્યો. ત્યારે તેની રાણી મંદોદરીએ સાધુની સ્તુતિ કરી અભયદાન અપાવ્યું. રાવણ પૂજા-ભક્તિ કરી પોતાના સ્થાને ગયો. બાલિ મહામુનિએ ગુરુની પાસે પ્રાયશ્ચિત નામનું તપ લઈ દોષનું નિરાકરણ કરી ક્ષપકશ્રેણી ચઢી કર્મોને દગ્ધ કર્યા. લોક શિખર પર સિદ્ધાલયમાં ગયા. નિજસ્વભાવને પ્રાપ્ત થયા.

વસુદત્ત અને શ્રીકાંતને ગુણવતીના કારણે મહાવેર ઉપજ્યું હતું તેથી અનેક ભવોમાં પરસ્પર લડીને મર્યા. ગુણવતીથી અને વેદવતીથી રાવણના જીવને અભિલાષા

ઉપજી હતી તે કારણે રાવણે સીતાનું હરણ કર્યું અને વેદવતીના પિતા, શ્રીભૂતિ, ઉત્તમ સમ્યગ્દ્રષ્ટિ બ્રાહ્મણને વેદવતી માટે શત્રુએ હણ્યો તે સ્વર્ગમાં જઈ ત્યાંથી ચ્યવી પ્રતિષ્ઠિત નગરમાં પુનર્વસુ વિદ્યાધર થયો. તે નિદાન સહિત તપ કરીને ત્રીજા સ્વર્ગમાં દેવ થઈ શ્રીરામના મહાસ્નેહવંત લઘુભ્રાતા લક્ષ્મણ વાસુદેવ થયા અને પૂર્વ વેરથી રાવણને હણ્યો. વેદવતી સાથે શંભુએ વિપરીતતાથી મૈથુન કરી શીલભ્રષ્ટ કર્યું તેથી સીતા રાવણના નાશનું કારણ બની. જે જેને હણે છે, તે તેનાથી હણાય છે. ત્રણ ખંડની લક્ષ્મીરૂપી રાત્રિનો ચંદ્રમા રાવણ, તેને હણી લક્ષ્મણ સાગરાંત પૃથ્વીનો અધિપતિ બન્યો. રાવણ સમાન શૂરવીર પરાક્રમી આ પ્રમાણે માર્યો જાય તે કર્મોનો દોષ છે. દુર્બળથી સબળ બને, સબળથી દુર્બળ બને અને ઘાતક હોય તે હણાય, હણાયેલ હોય તે ઘાતક બને; સંસારી જીવોની આ જ ગતિ છે. કર્મોની ચેષ્ટાથી કદીક સ્વર્ગના સુખ પામે અને કદીક નરકના દુઃખ પામે છે. જેમ કોઈ મહાસ્વાદિષ્ટ શ્રેષ્ઠ ભોજનમાં વિષ મેળવી દુષિત કરે તેમ મૂઢ જીવ ઉગ્ર તપને ભોગવિલાસ વડે દૂષિત કરે છે. જેમ કોઈ વિષવૃક્ષને અમૃતરસથી સીંચે ભસ્મ માટે રત્નોની રાશિને જલાવે અને કોલસા માટે ચંદન વૃક્ષને દગ્ધ કરે તેમ અજ્ઞાની જીવ નિદાનબંધ કરી તપને દૂષિત કરે છે. આ સંસારમાં સ્ત્રી સર્વ દોષોની ખાણ છે. તેના અર્થે અજ્ઞાની શું કુકર્મ ન કરે? આ જીવે જે કર્મ ઉપાર્જ્યાં છે તે અવશ્ય ફળ પ્રદાન કરે છે. તેને અન્યથા કરવા કોઈ સમર્થ નથી. જે ધર્મમાં પ્રીતિ ન કરે અને અધર્મ ઉપાર્જે છે તે કુગતિ પામે છે, તેની ભૂલ શું કહીએ? જે સાધુ થઈ મદ-મત્સર ધારે છે તેને ઉગ્ર તપથી પણ મુક્તિ નથી.

જેને શાંત ભાવ નથી, સંયમ નથી તપ નથી તે દુર્જન મિથ્યાદષ્ટિને સંસાર સાગરને તરવાનો શું ઉપાય છે? જે પ્રચંડ પવનથી મદોન્મત ગજરાજ ઉડે, તેનાથી સસલું ઉડે તેનું આશ્ચર્ય? તેમ જે સંસારની જૂઠી માયામાં ચક્રવર્તી આદિ મહાપુરુષો ભૂલે તો મનુષ્યની શું વાત? આ જગતમાં વૈરભાવ પરમ દુઃખનું કારણ છે, વિવેકી તે ન કરે. જેને આત્મ કલ્યાણની ભાવના છે તે પાપકારી વાણી કદાપિ ન બોલે. ગુણવતીના ભવમાં મુનિનો અપવાદ કર્યો હતો અને વેદવતીના ભવમાં એક મંડલિકા ગ્રામમાં સુદર્શન નામના મુનિ વનમાં આવેલ હતા, લોકો વંદના કરી ગામમાં ગયા. મુનિની બહેન સુદર્શના નામની આર્યિકા મુનિની સમીપ બેસી ધર્મ શ્રવણ કરતી હતી. વેદવતીએ તે દેખીને ગામના લોકોની પાસે મુનિની નિંદા કરી કે "મેં મુનિને એકલી સ્ત્રીની સમીપ બેઠેલા દેખ્યા." ત્યારે કેટલાકોએ તે માન્યું અને કેટલાક બુદ્ધિવંતોએ ન માન્યું. પરંતુ ગામમાં મુનિનો અપવાદ થયો. તેથી મુનિએ નિયમ કર્યો કે આ જૂઠો અપવાદ દૂર થાય તો આહાર માટે નીકળવું, અન્યથા નહીં. ત્યારે નગરના દેવતાએ

વેદવતીના મુખથી સમસ્ત નગરજનોને કહેવડાવ્યું કે " મેં જૂઠો અપવાદ કર્યો છે. તે ભાઈ-બહેન છે. " અને મુનિ પાસે જઈ વેદવતીને ક્ષમા કરાવી કે " હે પ્રભુ ! મેં પાપીણીએ મિથ્યાવચન કહ્યાં તે ક્ષમા કરો. " આ પ્રમાણે મુનિનિંદાના દોષથી સીતાનો જૂઠો અપવાદ થયો અને મુનિ પાસે ક્ષમાપના કરાવી તેથી અપવાદ દૂર થયો. તેથી જે જિનમાર્ગી છે તે કદી પણ પરનિંદા ન કરે. કોઈમાં સાચા દોષ છે તોપણ જ્ઞાની ન કહે. કોઈ કહેતો હોય તેને મનાઈ કરે, સર્વથા પ્રકારે પરાયા દોષને ઢાંકે. જે કોઈ પરનિંદા કરે છે તે અનંતકાળ સંસારવનમાં દુઃખ ભોગવે છે. સમ્યગ્દર્શન રત્નનો આ મહાગુણ છે કે તે પરાયા અવગુણને સર્વથા ઢાંકે. જો પરાયા સત્ય દોષોને પણ કહે તો તે અપરાધી છે. અજ્ઞાન અને મત્સરભાવથી જે પરાયા જૂઠા દોષ પ્રકાશે છે તેના સમાન અન્ય પાપી કોઈ નથી. પોતાના દોષોને ગુરુની સમીપ પ્રકાશવા અને પરાયા દોષ સર્વથા ઢાંકવા. જે પરાઈ નિંદા કરે તે જિનમાર્ગથી પરાન્મુખ છે.

કેવળીના આ અદ્‌ભુત વચનો સાંભળી સુર, અસુર મનુષ્યો સર્વે આનંદ પામ્યા. વૈરભાવના દોષો સાંભળી સભાના સમસ્ત લોકો મહાદુઃખના ભયથી કંપાયમાન થયા. મુનિ તો સર્વ જીવોથી નિર્વૈર છે. તેથી તે તો અધિક શુદ્ધભાવોને ધારવા લાગ્યા. ચતુર્નિકાયના સર્વ દેવો ક્ષમાભાવને પામી વૈરભાવને તજવા લાગ્યા. અનેક રાજાઓ પ્રતિબુદ્ધ થઈ શાંતભાવ ધારી ગર્વના ભારને તજી મુનિ શ્રાવક થયા. જે મિથ્યાત્વી હતા તે પણ સમ્યક્‌ત્વને પામ્યા. કર્મની વિચિત્રતાને જાણી સર્વે જીવો નિઃશ્વાસ નાખવા લાગ્યા. જગતની માયાને ધિક્કારવા લાગ્યા. કેવળીને શિર નમાવી પ્રણામ કરી સર્વ દેવ મનુષ્યો વિભીષણની પ્રશંસા કરવા લાગ્યા કે આપના હેતુથી અમે પણ મહાપુરુષોનાં ચરિત્ર સાંભળ્યા. આપને ધન્ય છે. સુરેન્દ્રો, નરેન્દ્રો સર્વે આનંદભર્યા સપરિવાર સર્વજ્ઞદેવની સ્તુતિ કરવા લાગ્યા.

" હે ભગવાન પુરુષોત્તમ ! આ સમસ્ત ત્રણલોક આપના થકી શોભાયમાન છે તેથી આપનું સકલભૂષણ નામ સત્યાર્થ છે. આપની કેવળજ્ઞાનમયી નિજ વિભૂતિ સર્વ જગતની વિભૂતિને જીતીને શોભે છે. આપની આ અનંત ચતુષ્ટયરૂપી લક્ષ્મી સર્વલોકની તિલક છે. આ જગતના જીવો અનાદિકાળથી કર્મવશ થઈ રહ્યા છે. મહાદુઃખના સાગરમાં પડયા છે, આપ દીનાનાથ દીનબંધુ કરુણાનિધાન છો. જીવોને જિનરાજ પદ પ્રદાન કરો. હે સર્વજ્ઞદેવ ! અમે ભવવનના મૃગ જન્મ-જરા-મરણ, રોગ, શોક, વિયોગ-વ્યાધિ આદિ અનેકવિધ દુઃખોને ભોગવતાં થકા અશુભ કર્મરૂપી જાળમાં પડેલ છીએ. તેનાથી છૂટવું અતિ કઠીન છે. આપ જ તેનાથી છોડવવામાં સમર્થ છો. અમને નિજ બોધ પ્રદાન કરો. જેથી કર્મનો ક્ષય થાય, હે નાથ ! આ વિષય-વાસનારૂપી

ગહન વનમાં અમે નિજપુરીનો માર્ગ ભૂલી રહ્યા છીએ. જગતદીપક આપ અમને શિવપુરીનો પંથ દર્શાવો. આત્મબોધરૂપી શાંતરસના તૃષાતુરને આપ તૃષાહારી મહાસરોવર છો. કર્મરૂપી વનને ભસ્મ કરવામાં આપ સાક્ષાત્ દાવાનળરૂપ છો. વિકલ્પ જાળરૂપી બરફથી કંપાયમાન જગતના જીવોની શીતવ્યથાને હરનાર આપ સાક્ષાત્ સૂર્ય છો. હે સર્વેશ્વર! હે સર્વ ભૂતેશ્વર! જિનેશ્વર! આપની સ્તુતિ કરવામાં ચાર જ્ઞાનના ધારી ગણધરદેવ પણ સમર્થ નથી તો અમે કોણ? હે પ્રભો! અમો આપને નિજહિત અર્થે વારંવાર નમસ્કાર કરીએ છીએ.

[ પદ્મપુરાણમાંથી ટૂંકસાર ]

## વૈરાગ્ય સમાચાર :—

અ. સૌ. શ્રીમતી કળાવતીબેન હસમુખલાલ વોરા (વર્ષ–૬૨), તે શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ (સોનગઢ)ના પ્રમુખ શ્રી હસમુખલાલ પોપટલાલ વોરાનાં ધર્મપત્નીનું ટૂંકી બિમારીથી મુંબઈ મધ્યે તા. ૨૮–૧૧–૯૬, કારતક વદ ત્રીજના રોજ દેહાવસાન થયું છે. શ્રી કળાવતીબેન સ્વભાવે શાંત, સાત્વિક અને ધર્મપરાયણ હતા. તેમને પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતા પ્રત્યે અપાર શ્રદ્ધાભક્તિ હતી. તેમને તત્ત્વરુચિ તેમ જ તત્ત્વ–અભ્યાસ સારો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની તેમ જ પૂજ્ય ભગવતી માતાની કલ્યાણી ઉપસ્થિતિમાં તથા ત્યાર પછી પણ જીવનના અંત સુધી તેઓ શ્રી હસમુખભાઈ સાથે અધ્યાત્મ વાણીનો લાભ લેવા વારંવાર સોનગઢ આવતાં અને પ્રમુદિતભાવે અધ્યાત્મ વાતાવરણનો લાભ લેતા હતા. તેમને મંડલવિધાન પૂજાઓનો પણ સારો રસ હતો. પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતી જેવા મહત્ત્વપૂર્ણ મંગલ મહોત્સવો પોતા તરફથી ઊજવાવીને શ્રી હસમુખભાઈ વોરા શ્રી કળાબેનની ભાવનાને પૂરી કરતા. જિનબિંબ-પ્રતિષ્ઠા તેમ જ જિનવાણી–સ્થાપના વગેરેનો તથા તીર્થયાત્રાઓનો લાભ પણ તેમણે ઔદાર્ય તેમ જ ઉલ્લાસભાવે લીધો હતો. શ્રી કળાબેને એ રીતે, પૂજ્ય ગુરુદેવશ્રીના તેમ જ પૂજ્ય ભગવતી માતાના ધર્મોપકાર પ્રતાપે જે ધાર્મિક સંસ્કાર ઉપાર્જિત કરેલા છે તેના સુપ્રતાપે તેમનો સ્વર્ગસ્થ આત્મા તે પવિત્ર સંસ્કારનો દોર સાંધીને, આત્મકલ્યાણ પામીને, શીઘ્ર શાશ્વત સુખશાંતિને પ્રાપ્ત થાઓ!—એ જ તેમના દિવંગત આત્મા પ્રતિ ટ્રસ્ટ તેમ જ સમસ્ત મુમુક્ષુસમાજની, વૈરાગ્યભાવભીની સંવેદના સહ, પ્રશસ્ત ભાવના.

## વૈરાગ્યજનની : બાર ભાવના

[શ્રી સ્વામિકાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

આ બાર પ્રકારના તપનો અધિકાર છે. બાર ભાવનામાં છેલ્લી ધર્માનુપ્રેક્ષા પૂરી થઈ. હવે આ બાર પ્રકારના તપની વ્યાખ્યા ચાલે છે. તેમાં હવે રસપરિત્યાગ તપ કહે છે.

संसारदुक्खतट्ठो विससमविसयं विचिंतमाणो जो ।
णीरसभोज्जं भुंजई रसचाओ तस्स सुविसुद्धो ॥४४६॥

અર્થ:—જે મુનિ, સંસાર દુ:ખથી તપ્તાયમાન થઈ આ પ્રમાણે વિચારે છે કે—ઇન્દ્રિયોના વિષયો વિષ જેવા છે. વિષ ખાતાં તો એકવાર મરાય છે પણ વિષય-સેવનથી ઘણાં જન્મ-મરણ થાય છે એમ વિચારી જે નિરસ ભોજન કરે છે તેને રસપરિત્યાગ તપ નિર્મળ થાય છે. ૪૪૬.

આત્મા રસને છોડી શકતો નથી પણ રસ તરફનો રાગ છૂટી જતાં રસનો યોગ હોતો જ નથી એને રસને છોડયો એમ નિમિત્તથી કહેવાય છે. મુનિ વિચારે છે કે અનંત અવતાર કર્યા એમાં આત્માની સમજણ વગર બધે એકલું દુ:ખ જ છે, આશા અને તૃષ્ણાથી જીવો બળી જળી રહ્યા છે, આત્માને ચૂકીને પર તરફ ઝુકાવ કરે છે તે જ દુ:ખ છે એમ મુનિ માને છે. લાડવાનો રાગ પણ ઝેર છે એમ વિચારીને મુનિ રસનો રાગ ત્યાગે છે અને આત્માના આનંદરસનો વધારો કરે છે એ જ રસપરિત્યાગ તપ ધર્મ છે.

આત્મા રસનો ત્યાગ કરી શકતો નથી. આત્મા અમૃતરસથી ભરેલો છે. એના આશ્રયે રસનો વિકલ્પ થતો નથી તેને રસત્યાગ કર્યો એમ ઉપચાર કહેવાય છે. જેમ લાકડું પોતાથી ઊંચું થાય છે એમાં આંગળી નિમિત્તમાત્ર છે. આંગળીએ લાકડાને ઊંચું કર્યું નથી. તેમ દૂધ, દહીં, સાકરાદિ આવવાનાં હતા અને આત્માએ તેને છોડી દીધા એમ નથી. ખરેખર તો તે આવવાના જ ન હતા તેને છોડયાં એમ કહેવાય છે.

વસ્તુવિજ્ઞાનસારના દશ હજાર પુસ્તકો બહાર પડયાં છે અને એમાં આ બાબતની ઘણી સ્પષ્ટતા આવી છે. પણ આત્માની રુચિ કરીને વાંચવા નવરો થાય નહિ અને સમજવાની દરકાર કરે નહિ તો કયાંથી સમજાય? અત્યારે તો વિચારવા માટે પણ ઘણા સાધનો બહાર પડયા છે તો ખોજ કરવી જોઈએ અને જાણવું જોઈએ કે પરનું કામ પરના કારણે થાય છે અને સ્વનું કામ સ્વના કારણે થાય છે. પાણી

અગ્નિના કારણે ગરમ થતું નથી પણ પોતાની યોગ્યતાના કારણે ગરમ થાય છે ત્યારે અગ્નિને નિમિત્ત કહેવાય છે. અજ્ઞાની માને છે કે અગ્નિ વિના પાણી ગરમ થતું નથી માટે અગ્નિના કારણે થાય છે, પણ તે વાત ખોટી છે. આત્મામાં વિકાર થાય તે કર્મના કારણે થતો નથી પણ પોતે સ્વતંત્રપણે કરે તો થાય છે. કર્મ તો નિમિત્ત જ છે. દરેક પદાર્થની પર્યાય પૃથક્ પૃથક્ પોતાના કારણે થાય છે.

પોતાની વિકારી પર્યાય પણ સ્વતંત્ર છે એમ સંયોગી દૃષ્ટિવાળો નક્કી કરી શકતો નથી, વિકાર પોતાના સ્વકાળે થયો છે તેમાં કર્મ નિમિત્ત છે એમ જાણે તો સંયોગી દૃષ્ટિ છોડે. એટલે કે પોતે પરદ્રવ્ય-સ્ત્રી કુટુંબના કારણે કે કર્મના ઉદયના કારણે વિકાર થાય છે એમ માને નહિ. મારા કારણે, મારી નબળાઈથી એ વિકાર થયો છે એમ માને તેને સ્વ તરફ જોવાનો અવકાશ રહે છે. જ્યાં સુધી સંયોગ તરફ દૃષ્ટિ છે, ત્યાં સુધી સ્વભાવ સ્વતંત્ર છે એવી દૃષ્ટિ થતી નથી. દરકાર કરીને વિચારવાનો વખત લે તો આ વાત સમજાય તેવી છે. જેને આ વાત અંતરમાં બેસી ગઈ હોય, તેને સ્વપ્ને પણ બીજી વાત બેસે નહિ. અહીં આ વાત સત્ય છે એમ કહે અને બહાર જઈને બીજી વાત સાચી છે એમ કહે નહીં. પોતાનું નામ ભુલાતું નથી, એ નિર્ણય ફરતો નથી, તેમ દરેક આત્માનું પરિણમન પોતાથી થઈ રહ્યું છે એ વાત જેને બેઠી છે. તેને કોઈ કાળે પરથી કે નિમિત્તથી પોતાની પર્યાય થાય એવી માન્યતા થતી નથી.

જુઓ! કોઈ કહે કે લાકડી આંગળીનાં કારણે ચાલી, આંગળી આત્મા અને વિકલ્પના કારણે ચાલી અને આત્માનો વિકલ્પ કર્મને કારણે થયો અને કર્મનું પરિણમન કાળદ્રવ્યના કારણે થયું. તો કાળદ્રવ્યનું પરિણમન કોના કારણે થયું? તો કહે કે તેના પોતાના કારણે થયું. એટલે ખરેખર એમ જ સિદ્ધ થયું કે દરેકનું પરિણમન પોતાના કારણે થયું છે. દરેકની સ્વતંત્ર પર્યાય પોતાથી જ થાય છે એમ સ્વીકારતાં આત્મા તેનો માત્ર જાણનાર-દેખનાર સ્વતંત્ર છે એમ માન્યતા થાય છે ને તે સમ્યગ્દર્શન છે. આ માન્યતા થઈ, પછી બીજી વાત તેને બેસતી નથી. આત્માનો સ્વભાવ કેવો છે એને જાણવા માટે જીવે વિવેક કરવો જોઈએ. કોઈ માણસ વાઘરી પાસે જઈને પૂછે કે "સોનાનો ભાવ કેટલો?" તો તે બરાબર ન કહેવાય. પણ સોનાના વેપારી (સોની)ને પૂછે તો તે બરાબર કહેવાય. એમ આ આત્મા જ્ઞાનનો ગાંગડો છે. એની પર્યાયમાં વિકાર છે તે સ્વતંત્ર પોતાનાં કારણે છે, છતાં તે વિકાર આત્માનો ત્રિકાળ શુદ્ધ સ્વભાવમાં નથી એવું જ્ઞાન જેને કરવું હોય, તેણે એના જાણનાર સાચા દેવ-ગુરુ-શાસ્ત્રની પરીક્ષા વિવેકપૂર્વક કરવી પડશે. બીજા પાસેથી મળે એમ નથી. આવું સ્વરૂપ જાણ્યા પછી આત્મા પોતામાં લીન થતાં રસની ઇચ્છા જ થતી નથી. તે રસપરિત્યાગતપ

છે. આવી દૃષ્ટિ જેને થઈ નથી, તે બહારથી કદાચ રસ છોડી દે, પણ તેને ભાવમાં તો અનંતારસો ખપે છે. માટે પ્રથમ આત્માનું જ્ઞાન કરવું, તે જીવોનું કર્તવ્ય છે.

ભાવાર્થ:—રસપરિત્યાગતપ થાય છે. રસ છ પ્રકારનાં છે—ઘી, તેલ, દહીં, મિઠાઈ, લવણ અને દૂધ એવા તથા ખાટો, ખારો, મીઠો, કડવો, તીખો અને કષાયલો એ પણ રસ છે. તેનો ભાવનાનુસાર ત્યાગ કરવો અર્થાત્ કોઈ એક જ રસ છોડે, કોઈ બે રસ છોડે વા બધા રસ છોડે, એ પ્રમાણે રસપરિત્યાગતપ થાય છે.

પ્રશ્ન:—કોઈ રસત્યાગને જાણતા ન હોય અને મનમાં જ ત્યાગ કરે, તો એ પ્રમાણે જ વૃત્તિપરિસંખ્યાન પણ છે તો પછી તેમાં અને આમાં તફાવત શો?

સમાધાન:—વૃત્તિપરિસંખ્યાનમાં તો અનેક પદ્ધત્તિઓની સંખ્યા છે અને આમાં રસનો જ ત્યાગ છે, એટલી વિશેષતા છે. વળી આ પણ વિશેષતા છે કે—રસપરિત્યાગ તો ઘણા દિવસનો પણ થાય અને તેને શ્રાવક જાણી પણ જાય છે ત્યારે વૃત્તિપરિસંખ્યાન ઘણા દિવસનું થતું નથી.

વૃત્તિપરિસંખ્યાનમાં અમુક દ્રવ્યો અમુક કાળ માટે છોડવાની વાત છે. અનેક પ્રકારથી વૃત્તિનો ત્યાગ તે વાત કરી છે અને રસપરિત્યાગમાં તો રસની વૃત્તિ છૂટી જવી તેટલી જ વાત છે. એટલો બેમાં ફેર છે (તફાવત છે).

આગળ વિવિક્તશૈયાસન તપ કહે છે. આ બાહ્યતપનો પાંચમો પ્રકાર છે.

ज रायदोसहेदू आसणसिज्जादियं परिचयई ।
अप्पा णिव्विसय सया तस्स तवो पंचमो परमो ॥ ४४७ ॥

અર્થ:—જે મુનિ, રાગદ્વેષના કારણરૂપ જે આ આસન-શૈયા વગેરેને છોડે છે, સદાય પોતાના આત્મસ્વરૂપમાં સ્થિર રહે છે તથા નિર્વિષય અર્થાત્ ઇન્દ્રિયવિષયોથી વિરકત થાય છે, તે મુનિને આ પાંચમું વિવિધ શૈયાસનતપ ઉત્કૃષ્ટ થાય છે.

જુઓ, દિગંબર સંત મુનિની મુખ્યતાએ વાત છે. પણ ગૌણતામાં શ્રાવકોને રાગ છે અને રાગનાં નિમિત્ત એવા આસન-શૈયા વગેરે હોય છે. પણ મુનિને તો એનું લક્ષ છૂટી ગયું છે અને આત્મામાં લીન રહે છે, એટલે નિમિત્ત છોડે છે એમ કહેલ છે. સંતોની દશા એવી હોય છે કે અંતરમાં કેવળજ્ઞાન લીધું કે લઉં એવા ઉગ્ર પુરુષાર્થને લીધે પરથી વિરમી ગયા હોય છે તેને વિવિક્તશૈયાસનતપ કહે છે.

ભાવાર્થ:—બેસવાનું સ્થાન તે આસન છે અને સૂવાનું સ્થાન તે શૈયા છે તથા "આદિ" શબ્દથી મળમૂત્રાદિ નાંખવાનું સ્થાન સમજવું. એ ત્રણે એવા હોય કે જ્યાં રાગ-દ્વેષ ઉત્પન્ન થાય નહિ અને વીતરાગતા વધે, એવા એકાંતસ્થાનકમાં (મુનિ) બેસે—સૂએ, કારણ કે મુનિજનોને તો પોતપોતાનું સ્વરૂપ સાધવું છે પણ ઇન્દ્રિયવિષય સેવવા નથી માટે એકાંતસ્થાનક કહ્યું છે.

મુનિ ત્રણ લોકના પદાર્થથી ઉદાસ છે. લોકના નાથ સર્વજ્ઞદેવને ભાળે, તો પણ તેના કારણે રાગ થાય છે એમ માનતા નથી, ગણતા નથી. રાગ આવ્યા તો તે રાગને પણ જાણે છે. મુનિ દુનિયાના બાદશાહને પણ ભિખારી ભાળે છે. એવા સંતો એકાંત ગુફામાં કે ઊંચી ટેકરીઓની મધ્યમાં અંતરમાં મગ્ન રહે છે. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે કે—

"એકાકી વિચરતો વળી સ્મશાનમાં,
વળી પર્વતમાં વાઘસિંહ સંયોગ જો...
અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા,
પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો..."...અપૂર્વ૦

મુનિ ચિદાનંદની રમતમાં રમતા પરથી ઉદાસ થઈ ગયા છે. તે જંગલમાં વિચરે છે, વાઘ સિંહના સંયોગમાં રહે છે. સુવાની જગા એટલે આડે પડખે થઈને લેટવાની જગામાં પડયા મુનિને રાગ હોતો નથી. મુનિને બે ઘડીથી વધારે નિંદ્રા હોય નહિ, માત્ર રાત્રના પાછલા પહોરમાં (મુનિ) સૂએ છે. પાછા સાતમા ગુણસ્થાનની જાગૃત દશામાં આવી જાય છે. આવા મુનિ સિંહ જેવા છે. આવું મુનિપણું જેણે સાંભળ્યું પણ નથી તેને મુનિપણુ કેવી રીતે હોય? ન જ હોય. મુનિ તો સર્વ દોષમાંથી છૂટવાનો પ્રયાસ કરી રહ્યા છે. બિન ગુન્હેગાર ઉપર પોલીસે ગુન્હો નાંખ્યો હોય તો એમાંથી આબરૂદાર માણસ બિનગુન્હેગાર ઠરવા માટે પ્રયાસ કરે છે એમ મુનિ પોતે જાણે છે કે મારો આત્મા બિનગુન્હેગાર છે તેથી જે કોઈ જગામાં ગુન્હેગાર ન થાય એવા પુરુષાર્થમાં તેઓ વર્તે છે. રાગદ્વેષ થાય તે જ ગુન્હો છે. તે ન થવા દેવાનો પ્રયાસ મુનિનો છે, તેમાં એકાંત સ્થાનમાં રહેવાનો વિકલ્પ હોય છે. તેથી તેને વિવિક્તશૈયાસન તપ કહેલ છે. (આગળની બે ગાથાઓમાં વિવિક્તશૈયાસન તપની વ્યાખ્યા વિશેષ કહે છે.)

पूजादिसु णिरवेक्खो संसारशरीरभोगणिव्विणणो ।
अब्भंतरतवकुसल्लो उवसमशीलो महासंतो ॥ ४४७ ॥
जो णिवसेदि मसाणे वणगहणे णिज्जणे महाभीमे ।
अण्णत्थ वि एयंते तस्स वि एदं तवं होदि ॥ ४४८ ॥

અર્થ:—જે મહામુનિ, પૂજા આદિમાં તો નિરપેક્ષ છે અર્થાત્ પોતાના પૂજા-માહાત્મ્ય આદિને ઇચ્છતા નથી, સંસાર-દેહ-ભોગથી વિરક્ત અંતરંગતપમાં પ્રવીણ છે, અર્થાત્ ધ્યાન-અધ્યયનનો નિરંતર અભ્યાસ રાખે છે, ઉપશમશીલ અર્થાત્ મંદકષાયરૂપ શાંતપરિણામ જ છે સ્વભાવ જેનો તથા જે મહાપરાક્રમી અને ક્ષમા આદિ પરિણામયુક્ત છે, એવા મહામુનિ સ્મશાનભૂમિમાં, ગહન વનમાં જ્યાં લોકની આવ-જા ન હોય એવા નિર્જન સ્થાનમાં મહાભયાનક ઉદ્યાનમાં તથા અન્ય પણ એવા એકાન્ત સ્થાનમાં રહે છે તેને નિશ્ચયથી આ વિવિક્તશૈયાસનતપ હોય છે.

મુનિ જગતમાં પોતાનું માહાત્મ્ય અને માન વધે તેમ ઇચ્છતા નથી. મુનિને ચાર ગતિના ભવમાં વૈરાગ્યભાવ છે. દેવના ભવને પણ મુનિ ઇચ્છતા નથી. પાંચ ઇન્દ્રિયોનાં ભોગથી જેમની લાગણી છૂટી ગઈ છે. આવું બાહ્ય તપ છે, એ વખતે અંતરંગતપ પણ મુનિને હોય છે. અંતરાત્માનાં આત્માનો જ પ્રેમ હોય છે. જેમ કોઈનો એકનો એક વીશ વર્ષનો પુત્ર મરી ગયો હોય, તો તેને મોહને લીધે કાળજામાં ઘા લાગે તેની મુખ્યતામાં જગતના બીજા પદાર્થોનો પ્રેમ ભૂલી જાય છે, તેમ મુનિને આત્માનો પ્રેમ છે, તેથી પરનો પ્રેમ થતો નથી અને જે કોઈને પાંચ મહાવ્રતાદિનો પ્રેમ હોય છે, તે આત્માના પ્રેમને ભૂલી જાય છે.

મુનિ શાસ્ત્ર સ્વાધ્યાયના ઉપયોગમાં જ્ઞાનને જ ઘૂંટે છે. જેમ કોઈ ગરીબ માણસને સાકરનો ગાંગડો મળ્યો હોય, તો તે મોઢામાં ઓગાળે છે—ગલાફામાં આમ તેમ ફેરવે છે, તેમ મુનિ એકાંત સ્થાનમાં પોતાના આત્માનું ધ્યાન કરે છે, એનું જ ઘોલન કરે છે. મુનિ મહાપરાક્રમી છે. એકલા ચૈતન્યને પ્રાપ્ત કરવાના અભિલાષી છે. ક્ષમાદિ દશ ધર્મોને ધારણ કરેલા છે, સ્મશાનાદિમાં રહે છે, અને ત્યાં વીતરાગતાની વૃદ્ધિ કરે છે.

જુઓ, આવી વીતરાગદશા અને આત્માની સહજ જ શાંતિની દશા સ્વતંત્ર છે. એને સમજ્યા વિના અત્યારના પંડિતો પરાધીનતા ઠરાવે છે, નિમિત્તના કારણે ઉપાદાનમાં કાર્ય થાય છે, નિમિત્ત વિના થતું નથી એમ અદ્ધરથી જ વાતો ચલાવે છે. પણ વસ્તુનું સ્વરૂપ એવું નથી.

આજે ક્ષમાવણી દિન છે. પર્યુષણ પર્વ પૂરાં થાય છે. ખરેખર તો આત્મામાં પૂર્ણ કેવળજ્ઞાન દશા થાય, ત્યારે સાચા પર્વ પૂરાં થયાં કહેવાય. એવી પૂર્ણ દશા માટે મુનિ પ્રયાસ કરી રહ્યા હોય છે. જગતમાં જ્યાં લોકોની અવરજવર ન હોય ત્યાં એકાંતમાં પોતે ધ્યાન ધરે એને વિવિક્તશૈયાશનતપ કહે છે. [ક્રમશઃ]

## વૈરાગ્ય સમાચાર :—

* રાજકોટનિવાસી શ્રી શાંતિલાલ ગોપાળજી પટેલના ધર્મપત્ની પ્રભાબેન (વર્ષ-૬૫) તા. ૧૯-૧૦-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* વિંછીયાનિવાસી અજમેરા કસ્તુરબેન ઝવેરચંદ (વર્ષ-૮૫) તા. ૩૦-૧૦-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* સોનગઢનિવાસી (હાલ સાંતાક્રુઝ) શ્રી ભરતભાઈ હિંમતલાલ જોબાળિયા (વર્ષ-૫૪) (તે સ્વ. પંડિત શ્રી હિંમતલાલ છોટાલાલ જોબાળિયાના વચેટ પુત્ર) તા. ૧૨-૧૧-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. સામાજિક સેવાને લીધે મુમુક્ષુ સમાજમાં તેમની સારી સુવાસ હતી. તેમનો બાલ્યકાળ સોનગઢમાં વ્યતીત થયો હોવાથી તત્ત્વના સંસ્કાર સારા હતા. પાર્લાના નિર્માણાધીન શ્રી સીમંધરસ્વામી દિ. જિનમંદિરના નવનિર્માણની બધી ગતિવિધિમાં તેમનું ભક્તિ તેમજ ઉત્સાહભીનું સારું એવું યોગદાન રહ્યું હતું.

* કલકત્તાનિવાસી ચંદુલાલ મોહનલાલ મેઘાણીના ધર્મપત્ની પુષ્પાબેન (વર્ષ-૫૮) (તે સ્વ. છોટાલાલ કેશવજી ભાયાણી, લાઠીના પુત્રી) તા. ૨૮-૧૧-૯૬ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

* કાનાતળાવનિવાસી પટેલ દેવજીભાઈ વાલાભાઈ (વર્ષ-૯૯) તા. ૫-૧૨-૯૬ના રોજ હાર્ટ એટેકથી સ્વર્ગવાસ પામ્યા છે. પૂજ્ય ગુરુદેવશ્રીની ભવતાપછેદક અમૃતવાણીના શ્રવણથી પ્રભાવિત થઈને દિગમ્બર જૈન ધર્મનો સ્વીકાર કરી, ભક્તિ અને ઉત્સાહથી તેમણે તથા સગાસ્નેહીઓએ મળીને કાનાતળાવમાં 'જિનમંદિર' બનાવી, જિનેન્દ્ર પૂજન-ભક્તિ અને સ્વાધ્યાયનો નિત્ય લાભ લીધો હતો. સોનગઢ અવારનવાર આવીને પૂજ્ય ગુરુદેવશ્રીની વાણીનો લાભ લેતા હતા.

---

## * ધાર્મિક શિક્ષણ વર્ગ *

ડિસેમ્બરની રજાઓમાં મંગળવાર, તા. ૨૪-૧૨-૯૬થી તા. ૨-૧-૯૭ દસ દિવસ માટે ધાર્મિક શિક્ષણ વર્ગ રાખવામાં આવ્યો છે શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

* માગશર વદ-૮, ગુરુવાર, તા. ૨-૧-૯૭ના દિવસે શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણ દિન' આપણા આદરણીય પં. શ્રી હિંમતભાઈના સાન્નિધ્યમાં શ્રી 'સમવસરણ મન્દિર'માં પૂજા ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવાશે.

ખુશ-ખબર ! — આનન્દ-સમાચાર

પૂજ્ય ગુરુદેવશ્રીના સત્પ્રભાવનોદયથી 'વસઈ-રોડ' નગરમાં નવનિર્મિત શ્રી મહાવીરસ્વામી તેમજ ત્રિચૌવીસી દિ૦ જિનમન્દિરની પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં

# શ્રી દિગમ્બર જિનબિમ્બ-પંચકલ્યાણ-પ્રતિષ્ઠામહોત્સવ

સાનન્દોલ્લાસ જણાવવાનું કે પરમ-તારણહાર પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના તેમજ ઉપકારમૂર્તિ પૂજ્ય બહિનશ્રીના ધર્મોપકારપ્રતાપથી, મુંબઈનગરીના ઉપનગર 'વસઈ-રોડ' નગર (મહારાષ્ટ્ર)માં નવનિર્મિત 'શ્રી મહાવીરસ્વામી તેમજ ત્રિ-ચોવીસી દિગમ્બરની 'શ્રી પાર્શ્વનાથ-પંચકલ્યાણક'પૂર્વક દિગમ્બર જિનબિમ્બપ્રતિષ્ઠા આગામી મહા સુદ-૫ (વસન્ત પંચમી) તા. ૧૧-૨-૯૭, મંગળવારના શુભ દિને ખૂબ આનંદોત્સવ સહ સંપન્ન કરવાનું શ્રી મહાવીર-કુન્દકુન્દ-કહાન શુદ્ધ-અધ્યાત્મ-મ્નાયાનુયાયી શ્રી કુન્દકુન્દ-કહાન દિ૦ જૈનસંઘ, વસઈ-રોડ તથા ઉપનગર દિ૦ જૈન મુમુક્ષુમંડળ, મલાડે નિશ્ચિત્ત કર્યું છે.

* મંગળ પ્રતિષ્ઠામહોત્સવ *

[ પોષ વદ-૧૧, મંગળવાર, તા. ૪-૨-૯૭થી મહા સુદ-૫ મંગળવાર, તા. ૧૧-૨-૯૭ ]

અધ્યાત્મયુગપ્રવર્તક અનંત-ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ સ્વાનુભવ વિભૂષિત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના મહાવીર-માર્ગપ્રભાવક વિશુદ્ધ ધર્મપ્રતાપથી સુસંપન્ન થનારા આ મંગળ પ્રતિષ્ઠોત્સવમાં પધારવા માટે વસઈ-રોડ દિ૦ જૈનસંઘ તેમજ ઉપનગર દિ૦ જૈન મુમુક્ષુમંડળ તરફથી મુમુક્ષુ સમાજને ધર્મવાત્સલ્યયુક્ત સાદર નિમંત્રણ છે. આ મંગલ મહોત્સવની ભવ્ય નિમંત્રણપત્રિકા મુદ્રણાધીન છે; તા. ૫-૧-૯૭ રવિવારના રોજ તેની લેખનની મંગલ વિધિઓ કરવામાં આવશે. નિમંત્રણપત્રિકા આપને વિલંબથી પહોંચવી સંભવિત છે. તેથી આ સમાચારથી આપને નિમંત્રણ આપવામાં આવે છે જેથી પધારવા માટે આપનો કાર્યક્રમ તેમજ ટિકિટ આદિનો પ્રબંધ કરવાની સુવિધા રહે.

[ પ્રતિષ્ઠોત્સવની મહત્ત્વપૂર્ણ—ઇન્દ્રો તેમજ કુબેર ઈત્યાદિની—બોલી પ્રતિષ્ઠોત્સવના પ્રથમ દિને (પોષ વદ-૧૧, મંગળવાર, તા. ૪-૨-૯૭ના રોજ) તથા પ્રતિષ્ઠામંડપમાં શ્રી જિનબિંબ-સ્થાપના, ધર્મધ્વજારોહણ તેમજ પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજાના ઇન્દ્રોની બોલી તા. ૩-૨-૯૭, સોમવારના દિને બોલવામાં આવશે. ]

નિમંત્રક—

અધ્યક્ષ—શ્રી કુન્દકુન્દ-કહાન દિ૦ જૈનસંઘ, વસઈ-રોડ, તથા
શ્રી ઉપનગર દિ૦ જૈન મુમુક્ષુમંડલ, મલાડ.

## ❀ પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર ❀

* આચાર્ય ભગવાન કહે છે કે તું સિદ્ધ છો, તારામાં તું તને સિદ્ધપણે સ્થાપીને સાંભળજે. સિદ્ધથી ઓછું અમારી પાસે માંગીશ નહિ. ૪૨.

* એકવાર પ્રસન્ન ચિત્તથી ચૈતન્યસ્વભાવ લક્ષગત થયો એટલે તે નિર્વાણનો જ પાત્ર છે. નિશ્ચયનો પક્ષ બંધાણો તે પુરુષને ભલે હજુ અનુભવ નથી તોપણ એનું જોર ચૈતન્યસ્વભાવ તરફ વળી રહ્યું છે. આ જ સ્વભાવ છે....આ જ સ્વભાવ છે...એમ સ્વભાવ-સન્મુખનું જ જોર હોવાથી અનુભવ અવશ્ય કરીને કેવળજ્ઞાન લેવાનો જ છે. ૪૩.

* જેને ધર્મ કરવો હોય, જેને સમ્યગ્દર્શન જોઈતું હોય તેણે પાંચ ઈન્દ્રિયના વિષયની અભિલાષા તથા પૈસા કમાવાની અભિલાષારૂપી પાપભાવો તેમ જ દયા-દાન-વ્રતરૂપ પુણ્યભાવોને એકવાર દૃષ્ટિમાંથી છોડવા પડશે. રાગ હોવા છતાં તેની મમતા છોડ! તેઓ મારે માટે આકિંચન છે—મારા માટે કિંચિત્‌માત્ર નથી, હું તો પૂર્ણાનંદનો નાથ છું. રાગનો અંશમાત્ર મારો નથી એમ દૃષ્ટિમાંથી ધર્મ-અર્થ-કામરૂપી ભાવની મમતા છોડી દે ને જ્ઞાનસ્વરૂપી ભગવાનને જ્ઞાન પરિણતિથી તું જાણ! એ સિવાય ત્રણકાળમાં આત્મા જાણવામાં આવશે નહીં. ૪૪.

* અહા! સહજ જ્ઞાયક નિજ તત્ત્વને સમજવાનો, નિર્ણય ને અનુભવ કરવાનો મોખ મનુષ્યપણામાં મળ્યો. જેમ ચિંતામણિની પ્રાપ્તિ દુર્લભ છે તેમ નિગોદમાંથી નીકળી ત્રસપર્યાયની પ્રાપ્તિ પણ અત્યંત દુર્લભ છે. એક શરીરમાં અનંત જીવ, તેમના જ્ઞાનનો ઉઘાડ અક્ષરના અનંતમાં ભાગે, તેમના દુઃખો તે સ્વયં વેદે અને માત્ર કેવળી જાણે. એક શ્વાસપ્રમાણ કાળમાં અઢાર વાર જન્મમરણ કરે—આમ જીવો અનંત અનંત કાળ સુધી નિગોદના ભવમાં જન્મમરણનાં દુઃખ ભોગવે છે. ત્યાંથી કોઈ જીવ બહાર નીકળી ચિંતામણિતુલ્ય દુર્લભ ત્રસપર્યાય પામે છે. ભાઈ! તને મનુષ્યપણું મળ્યું તેની તને કિંમત નથી! મનુષ્યપણું વિષય ને ભોગ માટે નથી, વ્યાપાર ધંધા ને પાપ માટે નથી. ૪૫.

* ભાઈ બાપુ! વ્યવહારનયના કથનો બધાં એવા છે કે એમાં તું છેતરાઈ જતો નહીં. નહીં તો અનંતકાળે મળેલો અવસર એળે ચાલ્યો જશે હો! ૪૬.

## ✻ ક્રમબદ્ધને યથાર્થ સમજ ✻

✻ જ્ઞાયકસ્વભાવ લક્ષમાં આવે ત્યારે ક્રમબદ્ધપર્યાય યથાર્થ સમજમાં આવી શકે છે. જે જીવ પાત્ર થઈને પોતાના આત્મહિત માટે સમજવા માગે છે તેને આ વાત યથાર્થ સમજમાં આવી રહે છે. જેને જ્ઞાયકની શ્રદ્ધા નથી, સર્વજ્ઞની પ્રતીત નથી, અંદરમાં વૈરાગ્ય નથી અને કષાયની મંદતા પણ નથી એવો જીવ તો જ્ઞાયક સ્વભાવના નિર્ણયનો પુરુષાર્થ છોડીને ક્રમબદ્ધના નામે સ્વચ્છંદતાનું પોષણ કરે છે, એવા સ્વચ્છંદી જીવની અહીં વાત નથી. જે જીવ ક્રમબદ્ધપર્યાયને યથાર્થરૂપથી સમજે છે તેને સ્વચ્છંદતા થઈ શકે જ નહિ. ક્રમબદ્ધને યથાર્થ સમજે તે જીવ તો જ્ઞાયક થઈ જાય છે, તેને કર્તૃત્વના ઊછાળા શમી જાય છે ને પરદ્રવ્યનો અને રાગનો અકર્તા થઈ જ્ઞાયકમાં એકાગ્ર થતો જાય છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

પ્રકાશક : શ્રી. દિ. જૈન સ્વા. મંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364250 (INDIA)

Licence No. 21 'Licensed to Post without Prepayment'

મુદ્રક : જ્ઞાનચંદ જૈન
કહાન મુદ્રણાલય, સોનગઢ

આજીવન સભ્ય ફી : ૧૦૧/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૨૦૧/–

વાર્ષિક લવાજમ : રૂા. ૯/–

વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૧૮/–

[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે વાર્ષિક રૂા. ૧૬૮/– પોસ્ટેજના અલગ]

M. Ajmera
Modi No. 2, Sita Burdy,
NAGPUR-440012